dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 । Issue - 347 । AD - 2024, Bhadarva Vad - 04 । Saturday, Dt.21-09-2024 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00


## મુખ્યમંત્રીનું અમરેલીના નગરશ્રેષ્ઠીઓ અને વિવિધ સંસ્થાઓ તેમજ મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા સન્માન કરાયું

# અમરેલી જિલ્લામાં વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરતા મુખ્યમંત્રી


દેવરાજીયા ગામની મુલાકાત


અમરેલી એસ.ટી. ડેપોનું લોકાર્પણ


અમરેલી રાજમહેલ ખાતમુહૂર્ત


અમરેલી નાગનાથ દર્શન


લાઠીની મુલાકાત


સા.કુંડલામાં લોકાર્પણ


આંબરડી સફારી પાર્ક


ધારી ઓફિસ ઈનોગ્રેશન


રાજુલામાં લોકાર્પણ

અમરેલી તા.૨૦

અમરેલી એસ.ટી.બસ સ્ટેશન ખાતે નવીન અદ્યતન સુવિધાસભર બસપોર્ટના લોકાર્પણ, સ્પોર્ટ્સ કોમ્પલેક્સ અને રાજમહેલ નવીનીકરણ સહિત જિલ્લામાં રાજ્યના વિવિધ વિભાગના રુ. ૨૯૨ કરોડના ૭૭ વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આવેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું લાઠી તાલુકાના દુધાળા હેલિપેડ પર ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યુ હતું. હેલિપેડ પર લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, સવજીભાઈ ધોળકીયા સહિતના મહાનુભાવોએ મુખ્યમંત્રીનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યુ હતું. પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા સાથે જળસંચયના કાર્યોને વેગ આપવા માટે જરુરી પરામર્શ કર્યો હતો. મુખ્યમંત્રીએ અમરેલી સ્થિત નાગનાથ મહાદેવના દર્શન કરી અને પૂજન અર્ચન કર્યુ હતું. આ વેળાએ મુખ્યમંત્રીનું અમરેલીના નગરશ્રેષ્ઠીઓ અને વિવિધ સંસ્થાઓ તેમજ મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. મંદિરના ટ્રસ્ટી કિશોરભાઈ મહેતાએ મુખ્યમંત્રીને અમરેલી નાગનાથ મંદિરનો ઈતિહાસ જણાવ્યો હતો. ૨૦૭ વર્ષ જૂનું આ શિવાલયનું નિર્માણ તત્કાલિન ગાયકવાડ રાજ્યના દીવાનજી દ્વારા કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ સર્વે નગરશ્રેષ્ઠીઓનું અભિવાદન ઝીલ્યું હતું. અમરેલીવાસીઓને ઐતિહાસિક ભેટ આપતા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમરેલી ખાતે ઐતિહાસિક રાજમહેલના પુનઃ નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કર્યું હતું. ગાયકવાડી કાળની આ ઐતિહાસિક ઈમારતનું આશરે રુ.૨૫ કરોડના ખર્ચે પરંપરાગત પદ્ધતિથી નવીનીકરણ કરવામાં આવશે. વડાપ્રધાને આપેલા 'વિકાસ ભી, વિરાસત ભી' મંત્રને સાકાર કરતાં આ રાજમહેલનું નવીનીકરણ કરાશે. અમરેલીના રાજમહેલ ખાતે પધાર્યા બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સૌથી પહેલા પ્રજાજનોને મળવા પહોંચ્યા હતા. સ્થાનિક વકીલો, ડૉક્ટરો તેમજ નાગરિકોનું અભિવાદન ઝીલતા મુખ્યમંત્રીએ તેમની સાથે વાતચીત કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નવનિર્મિત બસપોર્ટનું લોકાર્પણ કર્યુ હતું. અમરેલી ખાતે રૂ.૪૨.૪૮ કરોડના ખર્ચે નિર્મિત બસપોર્ટથી અમરેલીવાસીઓ સહિત જિલ્લાના નાગરિકોને આવાગમનની આધુનિક સુવિધા ઉપલબ્ધ થઈ છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતનો જે સંકલ્પ કર્યો છે, તેમાં વિકસિત ગુજરાતનો રોડમેપ નિર્ધારિત કરીને આપણે ઝડપભેર આગળ વધવાનું છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, અમરેલી જિલ્લામાં વિવિધ વિકાસ કાર્યો પ્રગતિમાં છે અને ભવિષ્યમાં વિકાસકાર્યો અમલમાં મૂકાવાના છે ત્યારે આ કાર્યો ગુણવત્તાસભર થાય તે માટે નાગરિકો પણ તેની દરકાર અને કાળજી રાખે તો જ આપણે વિકાસનો જે રોડમેપ નિર્ધારિત કર્યો છે તેને હાંસલ કરી શકશું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસના જે મંત્રથી આગળ વધવાનો જે પથ કંડાર્યો છે તે પથ પર મક્કમતાપૂર્વક આગળ વધીને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણમાં ગુજરાત લીડ લેવાનું છે તેમ તેમણે મક્કમતાપૂર્વક જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. સાંસદ ભરતભાઈ સુતરીયાએ જણાવ્યુ હતું કે, મુખ્યમંત્રીની સહૃદયતા અને સરળતા છે કે, પ્રજાના ગમે તે કામો લઈને જઈએ તો તે આપણને શાંતિથી સાંભળે છે અને દરેક સમસ્યાનું સમાધાન અને નિરાકરણ લાવે છે. કોઈપણ પ્રકારના રાગદ્વેષ વગરના નિર્લેપ મુખ્યમંત્રીની કાર્યશૈલીને તેમણે હૃદયથી બિરદાવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદહસ્તે ફાટક મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારના મહુવા રોડ પર રેલવે ઓવરબ્રિજનું ખાતમુહૂર્ત થયું હતું. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદહસ્તે સાવરકુંડલા તાલુકામાં રુ.૨૭ કરોડ ૨૪ લાખના ખર્ચે નિર્મિત ૩ (ત્રણ) ૬૬ કે.વી. સબ સ્ટેશન ઉપરાંત રુ.૪૩ લાખના ખર્ચે લીલીયા ગ્રામ પંચાયતના જેટીંગ મશીનનું તકતી અનાવરણ સાથે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અમરેલી જિલ્લાના રાજુલાની મુલાકાતે પધાર્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીના વરદ હસ્તે રાજુલા-જાફરાબાદ વિસ્તારનાં નાગરિકોને ૫-૫ વિકાસકામોની ભેટ મળી છે જેમાં સ્ટેજ પરથી મુખ્યમંત્રીએ વિવિધ વિકાસ કાર્યોની તકતીનું અનાવરણ કર્યું હતું. મુખ્યમંત્રીનાં વરદ હસ્તે રાજુલાના મારુતિ ધામ તળાવના પુનઃવિકાસ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું, અમૃત ૨.૦ યોજના હેઠળ રુ. ૩૦૭ લાખના ખર્ચે આ તળાવનો કાયાકલ્પ થશે. મુખ્યમંત્રીના હસ્તે રાજુલા નગરપાલિકા વિસ્તારના લોકોને દૈનિક ધોરણે શુદ્ધ પીવાનું પાણી નિયમિતપણે મળી રહે તે વ્યવસ્થાને પુનઃસ્થાપિત કરવા માટે રુ.૨૦૦૫ લાખના ખર્ચે 'અમૃત ૨.૦ - નલ સે જલ' યોજનાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું, સાથોસાથ રાજુલા નગરપાલિકા હસ્તકના રસ્તાઓના કામોનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યુ હતુ જેથી નાગરિકોને પરિવહનમાં વધુ સુવિધા મળશે. આ કાર્યક્રમમાં જાફરાબાદ નગરપાલિકા દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રુ.૫ કરોડના ખર્ચે નિર્મિત અદ્યતન સુવિધાઓથી સજ્જ ઓડિટોરિયમની જાફરાબાદના નગરજનોને ભેટ મળી છે. સાથોસાથ જાફરાબાદ ખાતે અંદાજે રુ.૧,૬૪૮.૪૩ લાખના ખર્ચે ૫.૪૦ એમ.એલ.ડી. ક્ષમતાના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના કામનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. રાજુલા શહેરના મધ્યમાં શહીદ ચોકના લોકાર્પણ પ્રસંગે ૧૦૮ ફૂટનો રાષ્ટ્રધ્વજ સ્તંભ ઊભો કરવામાં આવ્યો છે જેની તકતીનું અનાવરણ પણ મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અમરેલી જિલ્લાના ધારીના આંબરડી સફારી પાર્કની મુલાકાતે પધાર્યા હતા. આંબરડી સફારી પાર્કમાં મુખ્યમંત્રીએ પ્રકૃતિ વચ્ચે વિહરતા સિંહોને અને આંબરડી પાર્કનો પ્રાકૃતિક વૈભવ પણ નિહાળ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે, અમરેલી જિલ્લાના પ્રવાસ દરમિયાન જિલ્લાના સુવિધા સભર અને સ્માર્ટ ગામ એવા દેવરાજીયાની મુલાકાત કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું દેવરાજીયા ગામના ગ્રામજનોએ ઉત્સાહભેર સ્વાગત થયું હતું. મુખ્યમંત્રીએ દેવરાજીયા ગામના પાદરમાં આવેલ અને ગ્રામ્ય સંસ્કૃતિની ઝાંખી રજૂ કરતા 'ખોરડું' ની મુલાકાત કરી હતી. આ તકે મુખ્યમંત્રીએ કોમ્યુનિટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત રુ.૧૭ લાખના ખર્ચે નવનિર્મિત ગ્રામ પંચાયત ભવનને ખુલ્લું મૂક્યું હતું. ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના સુવિધા સભર આ દેવરાજીયામાં ગ્રામજનો માટે ઉપલબ્ધ સુવિધાઓથી મુખ્યમંત્રી અવગત થયા હતા. જે.વી.કાકડીયા, ભાવનગર રેન્જ આઈ.જી. ગૌતમ પરમાર, જિલ્લા કલેક્ટર અજય દહિયા, જિલ્લા પોલીસ વડા હિમકર સિંઘ સહિતના મહાનુભાવો તથા પોલીસ તંત્રના અધિકારીઓ-કર્મચારીઓ જોડાયા હતાં.

## કૌશિક વેકરીયાએ વિકાસકાર્યોની ઝલક રજૂ કરી

વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ જિલ્લામાં થયેલા અને થવાના વિવિધ વિકાસકાર્યોનો ચિતાર આપતા કહ્યુ કે, રાજ્ય સરકારને જ્યારે-જ્યારે રજૂઆત કરવામાં આવી ત્યારે ખુલ્લા હૃદયે અમરેલી જિલ્લાના વિવિધ વિકાસકાર્યોને મંજૂરી આપવામાં આવી છે. વેકરીયાએ વિવિધ વિકાસકાર્યોની ઝલક રજૂ કરતા જણાવ્યુ કે, રાજ્ય સરકાર દ્વારા રૂ.૨૭ કરોડના ખર્ચે નાવલી નદી પર રિવરફ્રન્ટ, ચાંચબંદર પર રૂ.૭૫ કરોડના ખર્ચે બ્રિજ, આંબરડી પાર્કને વિકસાવવા રૂ.૨૭ કરોડ, લાઠી સિવિલ હોસ્પિટલ માટે રૂ.૫૦ કરોડ, જિલ્લાકક્ષાના સ્પોર્ટ્સ સંકૂલના પ્રથમ તબક્કા માટે રૂ.૧૩ કરોડ, રાજમહેલ માટે રૂ.૨૫ કરોડ, ડીવાયએસપી ઓફિસ માટે રૂ.૯ કરોડ, રૂ.૯ કરોડના ખર્ચે મોર્ડન ફાયર સ્ટેશન, બાબરા-જેસિંગપરા શાળા માટે રૂ.3 કરોડ, ઠેબી ડેમ પર રિવરફ્રન્ટ માટે રૂ.૫૦ કરોડ, જિલ્લા સાયન્સ સેન્ટર માટે રૂ.૨૦ કરોડ, અમરેલી શહેરના રોડ-રસ્તા માટે રૂ.૧૪૦ કરોડ, ગ્રામ્ય વિસ્તારના રોડ માટે રૂ.૧૦૦ કરોડ, અમરેલી-લીલીયા ફોરટ્રેક રોડ માટે રૂ.૨૩ કરોડ, સેન્ટર પોઈન્ટથી રાધેશ્યામ સુધીના આર.સી.સી. રોડ માટે રૂ.૧૨ કરોડ, સિવિલ હોસ્પિટલ માટે રૂ.૧.૫ કરોડના ખર્ચે રસ્તો, કુંકાવાવ તાલુકામાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ તેમજ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ કોલેજ માટે રૂ.૩૬ કરોડના કાર્યોની મંજૂરી આપવામાં આવી છે. આમાંથી અમૂક કાર્યો સંપન્ન થયા છે અને અમુક કાર્યો દિવાળી આસપાસ કાર્યાન્વિત થવાના છે. અમરેલી શહેરમાં આવેલ ઠેબી ડેમ વળતર ચુકવવાના અભાવે અધૂરો ભરાતો હોય જેની મુખ્યમંત્રીને રજૂઆત કરતા વળતર પણ મંજૂર થયું હોવાનું જણાવ્યું હતું સાથે જ અમરેલી શહેરમાં આધુનિક જીઆઇડીસી આપવામાં આવે તેવી માંગ પણ કૌશિકભાઈ વેકરીયાએ મુખ્યમંત્રી સમક્ષ કરી હતી.













સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શનિવાર, તા.૨૧-૦૯-૨૦૨૪

# અમરેલીના દુષ્કર્મના પાંચ આરોપીઓને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી

**અમરેલીની પુત્રીને ન્યાય મળ્યો : હર્ષ સંઘવીનું ટ્વિટ**

(એ.આર.એલ),અમરેલી,તા.૨૦

અમરેલીના દુષ્કર્મના કેસમાં કોર્ટે ગુનેગારોમાં પદાર્થપાઠ આપતી સજા ફટકારી છે. સગીરા પર દુષ્કર્મના કેસમાં પાંચ આરોપીને કોર્ટે જીવે ત્યાં સુધી કેદની સજા ફટકારી છે. આરોપીઓ ઈમરાન ઈમુ સહિત પાંચને જીવે ત્યાં સુધી કેદની સજા ફટકારવામાં આવી છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ટ્વિટ કરીને જણાવ્યું છે કે અમરેલીની પુત્રીને ન્યાય મળ્યો છે. હવે સગીરા સાથે દુર્વ્યવહાર કરતા ગુનેગારો સો વખત વિચાર કરશે. અમરેલી કોર્ટે ૨૦૧૯ના બળાત્કાર કેસમાં પાંચ દોષિતોને આજીવન કેદની સજા પણ ફટકારી હતી. સ્પેશિયલ જજ (પોક્સો) ડીએસ શ્રીવાસ્તવે પીડિતાને વળતર તરીકે રૂ. ૪ લાખ આપવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે ઈમરાન સૈયદ, યાહિયા લુલાનિયા, જાવેદ પઠાણ, અસગર મજીઠિયા અને અરબાઝ ભાટીને દોષિત ઠેરવ્યા છે. આ સાથે આરોપીઓને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોકસો) એક્ટ અને ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. હાલ આરોપીઓ સજા ભોગવી રહ્યા છે.

# ચલાલા પાસે સસલાનો શિકાર કરી મિજબાની માણતા શિકારીઓ ઝડપાયા

ધારી, તા.૨૦



ધારી વન વિભાગ દ્વારા ચલાલા પાસે વન્ય પ્રાણી સસલાનો શિકાર કરીને તેની મિજબાની માણતા શિકારીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. ધારીના નાયબ વન સંરક્ષક રાજદીપસિંહ ઝાલા દ્વારા આવા ગુનાઓ રોકવા માટે સ્ટાફને જરૂરી સૂચન આપેલું હોવાથી એસીએફ ત્રિવેદીના સીધા માર્ગદર્શન હેઠળ આર.એફ.ઓ જ્યોતિબેન વાંઝાએ સસલાનો શિકાર કરી મિજબાની માણતા ઈસમોને પકડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સરસિયા રેંજના આર.એફ.ઓ. જ્યોતિબેન વાંઝા દ્વારા અગાઉ પણ આવી અનેક કામગીરી કરીને વન વિભાગના ઘણા ગુનાઓ ઉકેલવામાં આવ્યા હતા.

# રાજ્ય સરકાર દ્વારા ઘન જીવામૃત તથા માળખાકિય સુવિધાના નિર્માણ માટે રૂ. ૧.૨૦ લાખ સુધીની સહાય

અમરેલી,તા.૨૦

ખેડૂતને પ્રાકૃતિક કૃષિ માટે માર્ગદર્શન, સહાય મળી રહે તે ઉદેશ્ય સાથે સરકાર સતત કાર્યરત છે. આથી ગુજરાત રાજ્ય જરૂરી જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત વગેરે બનાવી ખેડૂતોને વિતરણ કરવા જરૂરી માળાખાકીય સુવિધા માટે સંસ્થાઓ-ગૃપને પ્રોત્સાહન વધારવા માટે સહાય યોજના અમલી કરવામાં આવી છે.

ગુજરાત સરકાર દ્વારા રૂ.૧.૨૦ લાખ સુધીની સહાયમાં સખી મંડળો અથવા ખેડૂત ગૃપને ૫૦ ટકા સુધીની સહાય, રૂ.૬૦,૦૦૦ની મર્યાદામાં મળવાપાત્ર થશે. જેમાં જીવામૃત બનાવવા માટે એચડીપીઈ ટાંકી ૫,૦૦૦ લિટરની ક્ષમતાની બનાવવાની રહેશે. તેમજ પ્લાસ્ટિકના ૨૦ લિટરના ૨૦ કેરબા, ૫ નંગ ડોલ ટોકર અને ૧ નંગ સ્ટરર વગેરે માળાખાકિય સહાય પૂરી પાડવામાં આવશે.

ગૌશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ કે એફપીઓ એ પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત-ઘનજીવામૃત બનાવવા તથા વિતરણ માટે માળખાકિય સુવિધા માટે ૧૦,૦૦૦ લિટરની ક્ષમતાવાળી ટાંકી, ૪૦૦ ચોરસ ફૂટનું પાકુ ભોંયતળિયુ વગેરે માળાખાકિય નિર્માણ માટે સરકાર તરફથી ૫૦ ટકા અથવા ૧.૨૦ લાખની મર્યાદામાં સહાય મળવાપાત્ર રહેશે. આ માટે ખેડૂતોએ પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા પ્રોજેક્ટરની કચેરી, ખેડૂત તાલીમ કેન્દ્ર, ચક્કરગઢ રોડ, અમરેલીનો સંપર્ક કરવાનો રહેશે. ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવતી યોજના અને સેવાઓ માટે ખેડૂતોને પાકોમાં આવકની વૃધ્ધિનો સ્ત્રોત વધે અને વધુ સારો પાક થાય તે માટે સતત કાર્યશીલ છે. અને ખેડૂતોને પાકલક્ષી માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તે માટે રાજ્ય સરકાર જરૂરી ગાઈડલાઈન પૂરી પાડે છે. આથી આવી નવી પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ ખેડૂતો અપનાવવા સક્ષમ છે.

# વડીયા આંગણવાડી કેન્દ્રોમાં પોષણ માસની ધામધૂમથી ઉજવણી

વડીયા, તા.૨૦



વડીયા ગામના આંગણવાડી કેન્દ્રોમાં પોષણ માસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાળકોના પોષણ અને સ્વાસ્થ્ય પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શરૂઆતના ૧૦૦ દિવસની માહિતી આપવામાં આવી, અન્નપ્રાશન યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો છે. વડીયા-કુંકાવાવના CDPO ડિમ્પલબેન સાપડીયા સહિત હિનાબેન, પ્રીતિબેન અને સોનલબેન જેવા આંગણવાડી કાર્યકરો હાજર રહ્યા હતા. ઉપસ્થિત સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ અને વાલીઓને પોષણ માસ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

# મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજમાં 'હિન્દી દિવસ' ઉજવવામાં આવ્યો

અમરેલી,તા.૨૦



અમરેલી જિલ્લા વિદ્યાસભા દ્વારા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજ- અમરેલીમાં ૧૪/૦૯/૨૦૨૪ના રોજ 'હિન્દી દિવસ' ઉજવાયો હતો. આ કાર્યક્રમમાં સમગ્ર કૉલેજ પરિવાર અને વિદ્યાર્થિનીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો મંગલ પ્રારંભ સર્વધર્મ પ્રાર્થનાથી અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે હિન્દી વિભાગના પ્રાધ્યાપક ડૉ. અરવિંદ ઉપાધ્યાયે હિન્દી ભાષાના ઉદભવ, વિકાસ અને મહત્વ વિશે પ્રભાવશાળી વક્તવ્ય આપ્યું હતું.

# સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામે ઓર્ગેનિક મગફળીનો પ્રયોગ સફળ થયો

સાવરકુંડલા,તા.૨૦



તસ્વીર : સૌરભ દોશી

સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામે માલાણી જનકભાઈ બાવચંદભાઈ નામના ખેડૂતે છેલ્લા છ વર્ષથી પ્રાકૃતિક ખેતી અપનાવેલ છે, જેમાં ખૂબ ફાયદો થાય છે અને નુકસાન પણ કંઈ નથી થતું. આ વખતે તેમણે મગફળી અને મગનું વાવેતર કરેલ છે. તેમણે પ્રાકૃતિક ખેતી અપનાવવા દરેક ખેડૂતોને આહ્વાન કર્યું છે. ઉલ્લેખનીય છે કે પ્રાકૃતિક ખેતીમાં જમીનની તંદુરસ્તી લાંબા સમય સુધી જળવાઈ રહે છે. ઉત્પાદન ગુણવત્તાયુકત હોવાથી બજાર ભાવ વધારે મળે છે. ખેતરમાં જ ઉત્પન્ન થયેલા ઘાસ કચરો વગેરેને સડાવી તેનો ખાતર તરીકે ઉપયોગ કરવામાં આવતો હોવાથી ખાતરનો ખર્ચ ઓછો થાય છે.

# સા.કુંડલામાં ઉદારતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સેમિનાર યોજાયો

સાવરકુંડલા,તા.૨૦



સાંપ્રત સમયમાં દીકરીઓની સુરક્ષા એક ખૂબ જ મોટો પ્રશ્ન બની ગયો છે, એ પૈકી જાતીય શોષણની સમસ્યા વધારે જોવા મળે છે. આવા બનાવ પથી ૧૫ વર્ષની દીકરીઓ સાથે વધારે થતાં હોય છે જેથી ઉદારતા ચેરીટેબલ ટ્રસ્ટના સંચાલક ધારાબેન ગોહિલે સાવરકુંડલામાં એક નવી ઝુંબેશ શરૂ કરી છે. જેમાં પ્રાથમિક શાળાઓમાં જઈને બાળકોને ગુડ ટચ, બેડ ટચ અને સેફ્ટી ટિપ્સની સમજ આપવામાં આવી હતી અને સાથે આત્મવિશ્વાસથી ગમે તેવી મુશ્કેલીમાંથી બહાર કઈ રીતે આવવું એના વિશે સવિસ્તર માહિતી આપવામાં આવી હતી. અત્યાર સુધીમાં ઉદારતા ચેરીટેબલ ટ્રસ્ટના જાન્વીબેન, ધારાબેન, ચિરાગભાઈએ ત્રણથી ચાર સ્કૂલમાં આ સેમિનાર યોજ્યો છે અને ભવિષ્યમાં સાવરકુંડલા તાલુકાની તમામ શાળાઓમાં આ સેમિનાર યોજીને દીકરીઓને સક્ષમ અને સાવચેત કરવાની નેમ પણ ધરાવે છે.

# જુનિયર નેશનલ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ગજેરા કેમ્પસના ખેલાડીઓનો દબદબો

અમરેલી, તા.૨૦




નડિયાદમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ૧૮-૧૯ સપ્ટેમ્બરના રોજ ૩૫મી વેસ્ટ ઝોન જુનિયર નેશનલ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ યોજાઈ હતી. જ્યાં અંડર-૧૪, ૧૬, ૧૮ અને ૨૦ના ભાઈઓ અને બહેનો બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસના જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલના વિદ્યાર્થીઓમાં અંડર-૧૬ નકુમ માર્ગીએ ૬૦૦ મીટરમાં ગોલ્ડ મેડલ અને ૬૦ મીટરમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ, અંડર-૧૮ મકવાણા જાગૃતિએ ૮૦૦ મીટરમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ, અંડર-૧૪માં મોરી પ્રતીક્ષાએ ટ્રાયથલોનમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ, અંડર-૧૬ ભુરીયા આકાશે ૬૦૦ મીટરમાં ગોલ્ડ અને ૬૦ મીટરમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ, અંડર-૧૮માં વાઘેલા દર્શને ૪૦૦ મીટરમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ, અંડર-૧૮ નકુમ હાર્વીને ૧ કિલોમીટરમાં બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. વિજેતા ખેલાડીઓની નેશનલ કક્ષાએ પસંદગી થયેલ છે, તેમજ અમરેલી જિલ્લા અને શાળાનું નામ રોશન કરેલ છે. નોંધનીય છે કે વિદ્યાર્થીઓને દરેક રમતગમતમાં નિયમિત પ્રેક્ટિસ માટેનું મજબૂત પ્લેટફોર્મ સંસ્થા અને સ્ટાફ તરફથી પૂરું પાડવામાં આવે છે જેથી સ્પોર્ટ્સમાં ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.












# પોલીસ અધિકારીઓએ કર્યું ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના શિક્ષકોનું સન્માન

ચલાલા, તા.૨૦



ચલાલા ખાતે આવેલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર ધામની ચલાલા પોલીસ સ્ટેશનના અધિકારીઓએ મુલાકાત લીધી હતી. આ તકે પોલીસ ઈન્સ્પેક્ટર (પીઆઈ) ચાવડા અને પોલીસ સબ-ઈન્સ્પેક્ટર (પીએસઆઈ) રામાણી સહિત પોલીસ સ્ટાફે હાજરી આપી હતી. મુલાકાત દરમિયાન પોલીસ અધિકારીઓએ સંસ્થાની પ્રવૃત્તિઓને બિરદાવી હતી અને ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના શિક્ષકોનું પુષ્પગુચ્છથી સન્માન કર્યું હતું.

સંસ્થાના વડા ડૉ. રતિદાદાએ પોલીસ અધિકારીઓને તંદુરસ્તી અને શ્રેષ્ઠ કામગીરી માટે આશીર્વાદ આપ્યા હતા. સંસ્થાના ડાયરેક્ટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતાએ સર્વે મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

# રાજુલા-સાવરકુંડલા રોડથી જુની માંડરડી રસ્તાનાં નવીનીકરણની માંગ

રાજુલા, તા.૨૦

રાજુલા-સાવરકુંડલા રોડના નવીનીકરણ માટે સ્થાનિક નેતા રમેશભાઈ વી. વસોયાએ ધારાસભ્ય અને માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓને પત્ર લખ્યો છે. આ પત્રમાં તેમણે જણાવ્યું છે કે રાજુલા-સાવરકુંડલાથી જુની માંડરડીથી ધારેશ્વર જતો રોડ ઘણા સમયથી જર્જરિત થયેલ છે. રમેશભાઈ વસોયાએ પત્રમાં ઉલ્લેખ કર્યો છે કે આ રોડ પર વાહનોની અવરજવર વધુ પ્રમાણમાં હોય છે. વરસાદના કારણે રોડ ઉપર ખાડા પડી ગયેલ છે અને કેટલીક જગ્યાએ રોડનું ધોવાણ થયેલું છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તેમણે સંબંધિત અધિકારીઓને રોડનું સમારકામ કરવા અને જરૂરી પુરાણ કરી રોડને સારી સ્થિતિમાં લાવવા વિનંતી કરી છે. જુની માંડરડી સેવા સહકારી મંડળીના પ્રમુખ અને રાજુલા પિયત સિંચાઈ મંડળના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળતા રમેશભાઈ વસોયાએ આ માંગણી કરી છે.

**સ્થાનિક નેતા રમેશભાઈ વી. વસોયાએ ધારાસભ્ય અને માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓને પત્ર લખ્યો**

# રાજુલામાં પત્ની સાથે ઝઘડા બાદ પતિએ ગળાફાંસો ખાતા ચકચાર

રાજુલા, તા.૨૦

રાજુલામાં રહેતા એક પરપ્રાંતીય દંપતીમાં કોઈ વાતને લઈ ડખો થયો હતો. જેને લઈ પતિને લાગી આવતાં ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવ અંગે મૂળ મધ્યપ્રદેશના સીહોર જિલ્લાના અને હાલ રાજુલામાં રહેતા દિપા શ્યામકુમાર પ્રજાપતિ (ઉ.વ.૨૪)ના પતિ શ્યામકુમાર તેમની સાથે અગાઉ અવાર-નવાર વગર વાંકે ઝઘડાઓ કરતા હતા તેમજ મરી જવાનું કહેતા હતા. બે દિવસ પહેલા રાત્રીના દશેક વાગ્યાની આસપાસ તેમની સાથે ઝઘડો કર્યો હતો, જેથી તેમણે ઝઘડો નહીં કરવા ઠપકો આપ્યો હતો.

જે વાતનું મનમાં લાગી આવતા સાડી વડે ગળાફાંસો ખાઈ લેતાં મરણ પામ્યા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.પી. ગાજીપરા વધુ તપાસ કરી રહ્યા છે.

**પત્નીએ ઝઘડો ન કરવા ઠપકો આપ્યો હતો જેથી મનમાં લાગી જતા ગળાફાંસો ખાધો**

# લાઠીમાં ફટાકડાનું વેચાણ કરવા પરવાનગી મેળવવા માટે તા. ૨૭ સપ્ટેમ્બર સુધીમાં અરજી કરવી

અમરેલી, તા.૨૦

રાજય સરકારની માર્ગદર્શિકાઓને અનુસરીને આ વર્ષે આગામી સમયમાં આવનારા દિવાળીના તહેવાર દરમિયાન લાઠી સબ ડિવિઝનમાં આવેલા લાઠી અને બાબરા તાલુકામાં હંગામી/ટેમ્પરરી, દારુખાનું/ફટાકડા રાખવા તથા વેચાણ કરવા માંગતા હોય તેઓએ લાઈસન્સ મેળવવા અરજી કરવી. હંગામી/ટેમ્પરરી, દારુખાનું/ફટાકડા રાખવા તથા વેચાણ કરવા માંગતા હોય તેમણે સુરક્ષિત મકાનમાં રક્ષિત કે ધંધાથી ૫૦ (પચાસ) મીટર દૂર સળગી ન ઉઠે તેવા સિમેન્ટનાં પતરા, ગેલ્વેનાઈઝના પતરાના ત્રણ બાજુથી બંધ હોય તેવા કામચલાઉ શેડ નકકી કરવામાં આવે તે જગ્યા પર ઉભા કરી તેમાં દારુખાનું રાખવા તથા વેચાણ કરવા માટે ફોર્મ.નં.એ.ઈ.૦૫માં અરજી કરી નમૂના નં.એલ.ઈ.૦૫માં લાઈસન્સ મેળવવું ફરજિયાત છે. આ લાઈસન્સ મેળવવા માંગતા હોય તેમણે ફોર્મ.નં.એ.ઈ.-૦૫માં નિયત નમૂનામાં લાઠી સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટને તા.૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધીમાં જરુરી આધાર જોડીને ત્રણ નકલમાં અરજી કરવી. અરજી સાથે અરજી ફોર્મ.નં. એ.ઈ.૦૫માં નિયત નમૂનામાં જ કરવી. અરજીમાં સંપૂર્ણ વિગતો સુવાચ્ય અને સચોટ રીતે ભરવી. અરજી ઉપર અરજદારે, પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો એક ફોટોગ્રાફ અચૂક લગાડવો. અરજી પર રુ.૩.૦૦ની કોર્ટ ફી સ્ટેમ્પ અચૂક લગાડવી.

# રાજુલામાંથી રાતના અંધારામાં લપાતા-છુપાતા બે ઈસમ ઝડપાયા

**મિલ્કત વિરુદ્ધનો ગુનો કરવાના ઈરાદે શંકાસ્પદ હાલતમાં મળી આવ્યા**

રાજુલા, તા.૨૦

રાજુલામાંથી રાતના અંધારામાં લપાતા છુપાતા બે ઈસમોને પોલીસે ઝડપી લીધા હતા. કડીયાળી ગામે રહેતા કેશુભાઈ સામતભાઈ બારૈયા તથા હિંડોરણામાં રહેતા મહેશભાઈ ગભરૂભાઈ સોલંકી સૂર્યાસ્તથી સૂર્યોદયના સમય દરમિયાન મોડી રાતના અંધારામાં કોઈ મિલ્કત વિરુદ્ધનો ગુનો કરવાના ઈરાદે રખડતાં, ભટકતા, લપાતા, છુપાતા શંકાસ્પદ હાલતમાં મળી આવ્યા હતા.

# ગાધકડા ગામના વિદ્યાર્થીઓએ પગપાળા પ્રવાસ કરી પ્રકૃતિની મજા માણી

સાવરકુંડલા, તા.૨૦



સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે આવેલ ગાધકડા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ શ્રી રામનાથ આશ્રમ, મગન વાવનો પગપાળા પ્રવાસ કર્યો હતો. આ તકે હળવાશની પળોમાં તમામ વિદ્યાર્થીઓએ ભેળનો આસ્વાદ માણ્યો હતો. આમ જ્યારે પ્રવાસન ઉદ્યોગમાં મોટેભાગે વ્હીકલનો ઉપયોગ થતો હોય ત્યારે પગપાળા પ્રવાસની પણ એક અનોખી મજા હોય છે. સાંપ્રત સમયમાં પગપાળા પ્રવાસ ખૂબ જ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. પગપાળા પ્રવાસ દ્વારા આસપાસની પ્રકૃતિનો પણ અનોખો આનંદ માણી શકાય છે, એમ અનિરુદ્ધ ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું હતું.

# તા. ૨૫ સપ્ટેમ્બરના રોજ ખાંભા ખાતે સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા.૨૦

તા.૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ને બુધવારના રોજ સવારે ૧૧ વાગ્યે ખાંભા મામલતદાર કચેરી ખાતે ખાંભા તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે.

અમરેલી જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને યોજાનાર આ કાર્યક્રમમાં તાલુકા કક્ષાના અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંગત પ્રશ્નો રજૂ કરવા માંગતા હોય, તેવા સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો રજૂ કરવા. તા.૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ બપોરે ૦૩ કલાકે ખાંભા તાલુકા મામલતદાર કચેરી ખાતે રુબરુ અથવા પોસ્ટ મારફતે મળી જાય તે રીતે મોકલવાના રહેશે. અરજીના મથાળે "તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" અવશ્ય લખવું, તેમ ખાંભા તાલુકા મામલતદારે એક યાદીમાં જણાવ્યું છે.



ગોડાઉન ભાડે આપવાના છે.
જી.આઈ.ડી.સી.માં ફુલ ૩ ગોડાઉન ભાડે આપવાના છે.
શીતલ આઈસ્ક્રીમની બાજુમાં
અશોકભાઈ 94269 63633
તેજસભાઈ 82008 94309

પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)



લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧: અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨: સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo.98242 65665

અરોમા પ્રિમીયમ બોડી સ્પા
AROMA PREMIUM BODY SPA
ધમાકા ઓફર

લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલકસ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144

HOLIDAY HOTEL

સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી




## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં

નં.મરણ/ કેસ/રજી.નં.૩૦/૨૦૨૪

પ્રતિ:
શ્રી વરસીંગભાઈ ભગવાનભાઈ દાહિમા ....અરજદાર
મુ. દેવળી ગામ-દેવળી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વ.શ્રી એન.એમ. જાદવ

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, દેવળી, તાલુકો-કોડીનાર, જિલ્લો.ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના દેવળી ગામના રહીશ **શ્રી વરસીંગભાઈ ભગવાનભાઈ દાહિમા**ના માતૃશ્રી લખમીબેન ભગવાનભાઈ દાહિમાનું મરણ તારીખ ૨૭/૦૧/૨૦૨૨ ના રોજ કોડીનાર તાલુકાના દેવળી ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના દેવળી ગામના સને ૨૦૨૨ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૯/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તારીખ ૧૩/૦૯/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા

કોર્ટનો સિક્કો

સહિ
(એન.જી.રાદડીયા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં

નં. મરણ/ કેસ/રજી.નં.૨૯/૨૦૨૪

પ્રતિ:
શ્રી કાનાભાઈ રામસીભાઈ ગાધે ....અરજદાર
મુ.વડનગર,ગામ-વડનગર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી એન.એમ. જાદવ, રહે. કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વડનગર, તાલુકો-કોડીનાર, જિલ્લો.ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વડનગર ગામના રહીશ **શ્રી કાનાભાઈ રામસીભાઈ ગાધે** ના માતૃશ્રી ઈરાયબેન રામસીભાઈ ગાધેનું મરણ તા.૧૭/૦૫/૨૦૨૧ ના રોજ કોડીનાર તાલુકાના વડનગર ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના વડનગર ગામ સને ૨૦૨૧ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૯/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તારીખ ૧૩/૦૯/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા

કોર્ટનો સિક્કો

સહિ
(એન.જી.રાદડીયા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# ખંભાળા ગામે રૂ. ૧ કરોડ ૯૫ લાખના ખર્ચે આરોગ્ય સેંટરના કામોનું ધારાસભ્ય જનક તળાવીયાએ ખાતમુહૂર્ત કર્યું

બાબરા, તા.૨૦



બાબરા તાલુકાના ખંભાળા ગામે આરોગ્ય વિભાગ હેઠળ પી.આઇ.યુ. હસ્તકની અંદાજે રૂ.૧ કરોડ ૫૦ લાખના ખર્ચે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ રૂ. ૪૫ લાખના ખર્ચે સબ સેન્ટર મંજૂર કરવામાં આવતા આ કામોનું ખાતમુહૂર્ત લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ખંભાળા ગામે અત્યાધુનિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ સબ સેન્ટરના બિલ્ડીંગની કામગીરી ટૂંક જ સમયમાં શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે. આ ખાતમુહૂર્ત પ્રસંગે ધારાસભ્ય જનકભાઇ તળાવીયા સાથે જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ ચેરમેન અશ્વીનભાઈ કુંજડીયા, નિતીનભાઈ રાઠોડ, પી.ડી.કોઠીવાળ, હિંમતભાઈ દેત્રોજા, ગામના સરપંચ, ગ્રામ પંચાયતના તમામ સદસ્યો, રાજુભાઈ વિરોજા, રાજુભાઈ સાગઠીયા, હરેશગીરી ગોસાઇ, સહિતના આગેવાનો, આરોગ્ય વિભાગના અધિકારીઓ તેમજ કર્મચારીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

# પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયાને માનદ ડોક્ટરેટની પદવી એનાયત

લાઠી, તા.૨૦



લાઠીના દુધાળા ગામને જળસિંચન કામગીરી દ્વારા સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ કરનાર અગ્રણી ઉદ્યોગપતિ પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયાને આજે એક મહત્વપૂર્ણ સન્માન પ્રાપ્ત થયું છે.

પ્રવરા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (પી.આઈ.એમ.એસ.) યુનિવર્સિટી દ્વારા તેમને વિજ્ઞાનમાં માનદ ડોક્ટરેટની પદવી પ્રદાન કરવામાં આવી છે. મહારાષ્ટ્રના રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણને એક વિશેષ સમારોહમાં સવજીભાઈ ધોળકીયાને આ પ્રતિષ્ઠિત પદવી એનાયત કરી. આ પ્રસંગે મહારાષ્ટ્ર રાજ્યના મહેસૂલ મંત્રી રાધાકૃષ્ણ પાટીલ સહિત અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સન્માન સાથે, હવેથી તેઓ પદ્મશ્રી ડોક્ટર સવજીભાઈ ધોળકિયા તરીકે ઓળખાશે. તેમને આ માનદ પદવી મળતાં સમગ્ર વિસ્તારમાં હર્ષની લાગણી છવાઈ ગઈ છે.

# સરકારી પીપળવા ગામે મહિલાએ સાસુ-વહુને ગાળો બોલી ધમકી આપી

લાઠી, તા.૨૦

લાઠીના સરકારી પીપળવા ગામે રહેતા રીંકલેબન ભાવીનભાઈ નાગલા (ઉ.વ.૨૬)એ નયનાબેન કાળુભાઈ પરમાર તથા કાળુભાઈ ગોવિંદભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમના ઘર પાસે બહાર બજારમાં પોતાની દીકરીને સુવડાવતા હોય તે દરમિયાન નયનાબેન પરમાર આવી તેમને તથા તેના સાસુને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. જ્યારે કાળુભાઈ પરમારે લાકડી લઈ આવી જેમ ફાવે તેમ ગાળો આપી સાહેદને શરીરે ડાબા ગાલે એક લાફો માર્યો હતો તેમજ વાંસાના ભાગે લાકડીનો એક ઘા માર્યો હતો. આ સમયે તેઓ વચ્ચે પડતા તેમને જમણા ગાલે એક લાફો માર્યો હતો તથા વાંસાના ભાગે એક થપાટ મારીને જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લાઠી પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.ડી.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# છભાડીયા સેવા સહકારી મંડળી લી. ની ૭૪મી વાર્ષિક સાધારણમાં સભાસદોને ૧૦ ટકા ડિવિડન્ડની જાહેરાત

દામનગર, તા.૨૦



દામનગર શ્રી છભાડીયા સેવા સહકારી મંડળી લી. ની ૭૪ મી વાર્ષિક સાધારણ સભા મળી હતી. જેમાં મંડળીના મંત્રી મહેશભાઈ શાંતિભાઈ પંડ્યાએ મંડળીના હિસાબો રજૂ કરી સભાસદોને ૧૦% ડિવિડન્ડ જાહેર કર્યુ હતું. મંડળીનો નફો રૂ. ૮૦૦૦૦૦ થયો હોવાથી તેની પેટા નિયમ મુજબ ફાળવણી કરી હતી. આજની સભા અધ્યક્ષ, મંડળીના પ્રમુખ શામજીભાઈ ભીખાભાઈ બારડના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યો તથા તમામ સભાસદો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આજની સભામાં અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના સિનિયર ઓફિસર કિકાણી તથા દામનગર બ્રાંચના મેનેજર ભરતભાઈ તથા સુપરવાઈઝર સંદિપભાઈએ ખાસ ઉપસ્થિત રહીને મંડળી તથા બેંકની વિવિધ યોજના તથા તેના લાભો વિશે માહિતી આપી હતી.

# અમરેલીમાં બીમારીથી કંટાળી પ્રૌઢાએ અનાજમાં નાખવાના ઝેરી ટીકડા પીધા

અમરેલી, તા.૨૦

અમરેલીમાં રહેતી એક પ્રૌઢાએ વિવિધ બીમારીથી કંટાળી જઈને પોતાની મેળે અનાજમાં નાખવાના ઝેરી ટિકડા પી લીધા હતા. આ અંગે મૈત્રિકભાઈ કૃષ્ણકાંત વ્યાસ (ઉ.વ.૨૭)એ જાહેર કર્યા મુજબ, હંસાબેન રતીલાલ વ્યાસ (ઉ.વ.૭૭)ને છેલ્લા ત્રણેક વર્ષથી હૃદયની બીમારી, નળી બ્લોક હતી. ઉપરાંત બે સ્ટેન્ટ બેસાડ્યા હતા અને બંને પગની ગાદી ઘસાઈ ગઈ હોવાથી ગોઠણનો દુઃખાવો રહેતો હતો. તેમજ બી.પી., ડાયાબીટીસ જેવી વિવિધ બીમારીથી કંટાળી જઈ પોતાની મેળે અનાજમાં નાખવાના ઝેરી ટિકડા પી લેતા મરણ પામ્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ આર. એન. માલકીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સામૂહિક આરોગ્ય કેન્દ્ર બાબરા ખાતે આયુષ્યમાન ભવ: કાયક્રમ અંતર્ગત કેમ્પ કરવામાં આવ્યો

બાબરા, તા.૨૦



તસવીર : વિજય માળી

સામૂહિક આરોગ્ય કેન્દ્ર બાબરા ખાતે તા. ૧૯/૦૯/૨૪ ગુરુવારના રોજ આયુષ્યમાન ભવ: કાર્યક્રમ હેઠળ સર્વ રોગ નિદાન કેમ્પ શ્રી શાંતાબા મેડિકલ કોલેજ એન્ડ જનરલ હોસ્પિટલ અમરેલીના સહયોગથી યોજાયો હતો. જેનું આયોજન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને તાલુકા હેલ્થ ઓફિસરના નેજા હેઠળ ડો. એસ.એસ. વ્હોરા અધિક્ષક સામૂહિક આરોગ્ય કેન્દ્ર બાબરા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો ૨૧૦ લાભાર્થીએ લાભ લીધો હતો.

# છતડીયા ગામે પતિએ પત્નીને તું અહીંયા કેમ ઉભી છે કહી ઝાપટ મારી

**પતિએ બીજા લગ્ન કર્યા હોવાથી પત્નીને સાથે રાખવા માંગતો નહોતો**

રાજુલા, તા.૨૦

રાજુલાના છતડીયા ગામના વડ જવાના રોડ પાસે પુલની નજીક એક પતિએ પત્નીને તું અહીંયા કેમ ઉભી છે કહીને ઝાપટ મારી હતી. પતિએ બીજા લગ્ન કર્યા હોવાથી પહેલી પત્નીને સાથે રાખવા માંગતો ન હોવાથી આમ કર્યુ હતું. આ અંગે મીતીયાળા ગામે રહેતા મનીષાબેન સુરેશભાઈ પરમાર (ઉ.વ.૨૪)એ પતિ સુરેશભાઈ ભીખાભાઈ પરમાર તથા તેની મોટર સાયકલ પાછળ બેઠેલી અજાણી છોકરી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના પતિ સુરેશભાઈ પરમારે બીજા લગ્ન કર્યા હોવાથી તેમને સાથે રાખવા માંગતા નહોતા. બે દિવસ પહેલા બપોરે બે એક વાગ્યાના અરસામાં પોતાની દીકરી સંધ્યા સાથે છતડીયા ગામથી વડ જવાના રોડ પર પુલની નજીક ઉભા હતા તે દરમિયાન પતિએ આવી તું અહીંયા કેમ ઉભી છો તેમ કહી ઉશ્કેરાઈ જઈ ત્રણ ઝાપટ મારી હતી. ઉપરાંત તેની મોટર સાયકલ પાછળ બેઠેલી અજાણી છોકરીએ જેમફાવે તેમ ગાળો આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ. ડી. લાધવા વધુ તપાસ કરી રહ્યા છે.

# કાચરડી ગામે યુવકને શું કહે છે તેમ કહી બોલાચાલી કરી ગાળો આપી

દામનગર, તા.૨૦

દામનગરના કાચરડી ગામે રહેતા યુવકને "શું કહે છે" તેમ કહી તેની સાથે બોલાચાલી કરી ગાળો આપી હતી. બનાવ અંગે અલ્પેશભાઈ રમેશભાઈ ડાભી (ઉ.વ.૩૩)એ જનકભાઈ વઢેળ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ વાડીએથી મજૂરીકામ કરી ઘરે જતા હતા તે દરમિયાન રસ્તામાં બે વ્યક્તિ વિપુલભાઈ વાઢેળ તથા જનકભાઈ વાઢેળ પોતાની ગાડી લઈ ઉભા હતા. તેથી તેમણે મોટર સાયકલ ઉભું રાખી વિપુલભાઈને પૂછ્યું કે તારે આવવું છે તેથી તેની સાથે રહેલા જનકે તેમને શું કહે છે તેમ કહી બોલાચાલી કરી હતી. ઉપરાંત ગાળો આપી ધક્કો માર્યો હતો અને પેટના ભાગે ઈજા કરી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.ડી. સીંધલ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: ચોથ
તા. ૨૧-૦૯-૨૦૨૪, શનિવાર, સૂર્યોદય-૦૬:૦૯,
સૂર્યાસ્ત-૦૬:૧૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ભરણી

## દૈનિક રાશિફળ

તા.૨૧-૦૯-૨૦૨૪ શનિવાર

મેષ: રોજગાર ક્ષેત્રે પ્રગતિ થશે અને પ્રતિષ્ઠા વધશે. રાજકારણ સાથે સંકળાયેલા લોકો માટે સમય ફાયદાકારક છે.

વૃષભ: પરિવારના સભ્યો સાથે ભવિષ્યની યોજનાઓની ચર્ચા કરશો. જો તમે કોઈ ન્યાયિક બાબતમાં સામેલ છો, તો સંજોગો તમારા પક્ષમાં હશે.

મિથુન: વ્યવસાયમાં સમયસર લેવામાં આવેલા નિર્ણયો તમારા માટે ભવિષ્યમાં લાભ મેળવવા માટે અસરકારક સાબિત થઈ શકે છે.

કર્ક: વિદ્યાર્થીઓને ઇચ્છિત ક્ષેત્રમાં શિક્ષણ મેળવવા માટે વધુ મહેનતની જરૂર રહેશે. ધંધામાં વધુ ઉત્સાહ અને ઉતાવળથી કામ બગડી શકે છે.

સિંહ: વ્યવસાયના ક્ષેત્રમાં મોટું રોકાણ તમારા માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. કૌટુંબિક સંપર્કો ફાયદાકારક રહેશે.

કન્યા: જીવનસાથી સાથે સારો સમય વિતાવશો, પરંતુ માતાના સ્વાસ્થ્યનું પણ ધ્યાન રાખો. પારિવારિક અસમાનતા મુશ્કેલીમાં વધારો કરી શકે છે.

તુલા: વ્યસ્તતાની વચ્ચે જીવનસાથીને સમય આપવો એ સંબંધને મજબૂત બનાવશે. રાજકારણથી સંબંધિત લોકોના વર્ચસ્વમાં વધારો થશે.

વૃશ્ચિક: વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે વિશેષ સફળતા મળશે અને જ્ઞાનમાં પણ વૃદ્ધિ થશે. પિતાના માર્ગદર્શનથી તમારા બધા અટકેલા કામ પૂરા થશે.

ધન: માતાપિતાની સેવા કરવાની તક મળશે અને તેમના આશીર્વાદથી અનેક ખરાબ કામો સરળતાથી પૂરા થશે. ધંધામાં મહેનત બાદ ઇચ્છિત લાભ મળશે.


મકર: પરિવારમાં તમારું માન-સન્માન વધશે. ભાઇઓના સહયોગથી ધંધાકીય કાર્યો કરવામાં આવશે અને નફાકારક સાહસ પણ ચલાવવામાં આવશે.

કુંભ: વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ઇચ્છિત સફળતા મળશે. રોજગારમાં લાયકાત વિકસાવવાથી લાભ થશે અને આવકમાં પણ વધારો થશે.

મીન: આજનો દિવસ મિશ્રિત ફળદાયી રહેશે. અનૈતિક પ્રવૃત્તિઓથી દૂર રહો નહીં તો સામાજિક પ્રતિષ્ઠાને નુકસાન થઈ શકે છે.

# દામનગરનાં શાખપુર સરપંચે દલિત વિદ્યાર્થીઓ માટે અનોખી પહેલ કરી

દામનગર, તા.૨૦



દામનગર તાલુકાના શાખપુર ગામના સરપંચ જશુભાઈ ખુમાણે દલિત વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો માટે એક નવતર પહેલ કરી છે. તેમણે શિષ્યવૃત્તિના ફોર્મ પર સહી કરવા માટે શાળાઓની મુલાકાત લીધી, જેથી દલિત પરિવારોને ગ્રામ પંચાયત કચેરી સુધી આવવું ન પડે. સામાન્ય રીતે આ માટે વાલીઓએ ગ્રામ પંચાયત કચેરીની મુલાકાત લેવી પડતી હતી. તેમણે શાખપુર કુમાર શાળા અને શાખપુર કન્યાશાળાની રૂબરૂ મુલાકાત લઈને તમામ દલિત વિદ્યાર્થીઓના શિષ્યવૃત્તિ ફોર્મ પર સહી-સિક્કા કરી આપ્યા. આ પગલાથી ખેતમજૂરી કરતા અને નોકરી-ધંધે જતા વાલીઓને ગ્રામ પંચાયત કચેરીએ જવાની તકલીફમાંથી મુક્તિ મળી છે. આ કાર્યમાં શાખપુર કુમાર શાળાના આચાર્ય નીતાબેન મેશિયા અને ચેતનભાઈ પટેલ તેમજ શાખપુર કન્યાશાળાના આચાર્ય ઈલાબેન મેર અને જોશીએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

# ચલાલામાં વાડીમાં ઝેરી દવાનો છંટકાવ કરતાં યુવકની તબિયત લથડી

ચલાલા, તા.૨૦

ચલાલામાં રહેતા મૂળ મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના તડોદારા ગામના ગણેશભાઈ રાજુભાઈ ભીલ (ઉ.વ.૨૦) નામના યુવકે જાહેર કર્યા મુજબ, તેઓ નરેશભાઈ મોહનભાઈ કાથરોટીયાની વાડીએ ખેતમજૂરી કરતા હતા. વાડીમાં કપાસનું વાવેતર કર્યુ હતું. જેમાં તેઓ તથા તેનો કુટુંબી ભાઈ દવાનો છંટકાવ કરતા હતા. આ સમયે ઝેરી દવાની અસર થતાં તેમને સારવારમાં દાખલ કર્યા હતા. ચલાલા પોલીસ સ્ટેશનના એએસઆઈ નિરજકુમાર ભીખાલાલ દાફડા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં જુના રેલવે સ્ટેશન પાસે દંપતીએ યુવકને પછાડી ઢીકાપાટુ માર્યા

**ચાની દુકાને ચા પીવા માટે ગયા હતા ત્યારે ઘટના બની**

રાજુલા, તા.૨૦

રાજુલામાં રહેતો અને પ્લમ્બિંગ કામ કરતો યુવક ચા પીવા ગયો ત્યારે તેની સાથે માથાકૂટ કરી હતી. જે બાદ એક દંપતી સહિત કુલ ત્રણ લોકોએ આવી તેને મુંઢમાર માર્યો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે કમલેશભાઈ નરેશભાઈ વાણવી (ઉ.વ.૨૫)એ અમીતભાઈ ધીરૂભાઈ ચુડાસમા, પુજાબેન અમીતભાઈ ચુડાસમા તથા એક અજાણ્યા પુરૂષ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ પોતાની મોટર સાયકલ લઈને રાજુલા જુના રેલવે સ્ટેશને ચાની દુકાને ચા પીવા માટે ગયા હતા. તે વખતે અમીતભાઈ ચુડાસમા તેમની બાજુમાંથી ચાલીને આવીને ભટકાયેલા હતા. જેથી તેમને સમજાવતા તેની સાથે માથાકૂટ કરી હતી. ત્રણેય આરોપીઓએ તેમને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. પતિ-પત્નીએ તેમની સાથે ઝપાઝપી કરી નીચે જમીન ઉપર પછાડી દઈ શરીરે આડેધડ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી.આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભા તાલુકા પોલીસની પ્રતિષ્ઠા ખરડાય તેવો વીડિયો પોસ્ટ કરનાર અમદાવાદના યુવક સામે કાર્યવાહી

**ખોટી માહિતી અફવા વીડિયોના માધ્યમથી પ્રસિધ્ધ કરી વાયરલ કર્યો હતો**

ખાંભા, તા.૨૦

ખાંભા પોલીસ સ્ટેશનના ફ્રેન્ડ ઓફ પોલીસ નામના ગ્રુપમાં એક વીડિયો જીવરાજભાઈ પરમાર પત્રકાર અમરેલીના નામથી મુકવામાં આવ્યો હતો. જે બાબતે તપાસ કરતાં તે વીડિયો યશવંતભાઈ મકવાણાએ તેમની રીતે કંઈક જગ્યાએથી મેળવી વાયરલ કરી તેમની ડિસ્ક્રીપ્શનમાં તેમની મેળે ખોટી માહિતીનો ઉમેરો કરી ખાંભા તાલુકાના ઉપરોક્ત બનાવ અન્વયે અનુસૂચિત જાતિના લોકો તથા અન્ય જાતિના લોકો સાથે ગુનો કરવાના, ઉશ્કેરવાના ઈરાદાથી રોષ ફેલાય અને સુલેહ શાંતિનો ભંગ થાય તેવાં ઈરાદે તેમજ ખાંભા તાલુકા પોલીસની પ્રતિષ્ઠા ખરડાવી તેમજ કામગીરી બાબતે હાનિ પહોંચાડવાના ઈરાદે તેમજ બે કોમ વચ્ચે સુલેહ શાંતિનો ભંગ થાય એવું અથવા જેનાથી ભંગ થવાનો સંભવ છે, એવું જાણી જોઈને કૃત્ય કરી ખોટી માહિતી અફવા વીડિયોના માધ્યમથી પ્રસિધ્ધ કરી વાયરલ કર્યો હતો.

જે બદલ તેની સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

તંત્રી લેખ

# લોજિસ્ટિક ખર્ચમાં ઘટાડો

પ્રાચીન સમયમાં શઢવાળા વહાણોથી માલસામાન એક દેશમાંથી બીજા દેશમાં મોકલવામાં આવતો અને તેનો પરિવહન ખર્ચ ખૂબ ઓછો હતો. મોંઘવારી દિવસે-દિવસે વધતી જાય છે ત્યારે આ પરિવહન ખર્ચ ઘટે તેમ માટે વિશ્વભરમાં પ્રયાસો થઈ રહ્યા છે. "આપણા બધા જ બિઝનેસ એવા છે કે જેમાં ખૂબ ખૂબ ઝડપ રાખવી પડે.. જેમકે ટેલિવિઝન, મેગેઝીન પ્રકાશન, બ્રોડકાસ્ટિંગ કેબલ નેટવર્ક કે ઓનલાઈન ગેમિંગ બધાને તાજુ જ ખપે છે વાસી બિલકુલ નહીં!"

આ શબ્દ જેમ્સ પેકરના છે તેઓ પીબીએલ કંપનીના ચેરમેન છે અને ઓસ્ટ્રેલિયાના વતની છે. ઓસ્ટ્રેલિયાના સૌથી ધનવાન વ્યક્તિઓમાં જેમ્સ પેકરનું નામ અગ્રસ્થાને છે.

જેમ્સ પેકરના કહેવા મુજબ પરિવહન સેવા સર્વોત્તમ હોવી જોઈએ, ઓછી ખર્ચાળ હોવી જોઈએ મતલબ કે લોજિસ્ટિક એક્સપેન્સ ઓછામાં ઓછો હોવો જોઈએ. આપણા દેશમાં લોજિસ્ટિક એક્સપેન્સ વધતો જાય છે કારણ શું?

કેન્દ્ર સરકાર દ્વારા એવી જાહેરાત કરવામાં આવી છે કે દેશનો લોજિસ્ટિક ખર્ચ આગામી પાંચ વર્ષમાં સિંગલ ડીઝીટ પર આવી જશે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા કેટલાક હાઈવે અને એક્સપ્રેસ-વેનું નિર્માણ ઝડપથી થઈ રહ્યું છે જેથી લોજિસ્ટિક ખર્ચ ઘટે શકે તેમ ઈકોનોમિક થીંક ટેન્ક નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઈડ સાયન્સનો અંદાજ છે. આ એજન્સીના કહેવા મુજબ આગામી ૨૦૨૧-૨૨ દરમિયાન દેશમાં લોજિસ્ટિક ખર્ચ જીડીપીના ૭.૮% થી ૮.૯ ની વચ્ચે હતો. લોજિસ્ટિક ખર્ચ ઘટાડવા માટે સૌથી બેસ્ટ ઉપાય એર સર્વિસ છે. જ્યાં સમયનો સવાલ હોય, ઓછા સમયમાં ઝડપથી માલ પહોંચાડવો હોય તો આ સૌથી બેસ્ટ આઈડિયા છે પરંતુ બીજા ક્રમે માલ-સામાન પહોંચાડવા માટે જળમાર્ગનો સૌથી વધુ ઉપયોગ કરવામાં આવે તો લોજિસ્ટિક ખર્ચ ચોક્કસ બચી શકે. જે રીતે ઘોઘાથી હજીરા રો-રો ફેરી સર્વિસ ચાલે છે એમાં મુસાફરો અને વાહનોનું પરિવહન થાય છે. ઘોઘા અને હજીરાના પ્લેટફોર્મનો ઉપયોગ માત્ર માલ સામાનના પરિવહન અને કન્ટેનર માટે કરવામાં આવે તો લોજિસ્ટિક ખર્ચમાં કેટલો ઘટાડો થાય. તેનો વિચાર કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે કરીને આ સર્વિસ પણ શરૂ કરવી જરૂરી છે. આવી રીતે મોટી નદીઓની અંદર પણ આવી સર્વિસ શરૂ કરવાથી લોજિસ્ટિક ખર્ચ ઘટી શકે. નદીઓના જળમાર્ગનો ઉપયોગ લોજિસ્ટિક ખર્ચ ઘટાડવા થઈ શકે. સાબરમતી નદીને અમદાવાદ સુધી જલ પરિવારના માર્ગમાં ફેરવી નાખવામાં આવે તો અમદાવાદ પણ રિવર પોર્ટ બની શકે. લોજિસ્ટિક ખર્ચ ઘટાડવા માટે જળમાર્ગનો ઉપયોગ સર્વોત્તમ રીતે થઈ શકે તેમ છે.

રેલવે દ્વારા લોજિસ્ટિક ખર્ચ ઘટે તેવું બની શકે. અલંગ તથા ભાવનગર પોર્ટનો માલ સામાન રેલવે દ્વારા જો દેશના વિવિધ ભાગોમાં મોકલવામાં આવે તો લોજિસ્ટિક ખર્ચ ઘટી શકે. ભાવનગર ટર્મિનસથી નવાબંદર સુધીની રેલવે લાઈન કટાઈ રહી છે એનો ઉપયોગ શા માટે કરવામાં નથી આવતો? જો આ રેલવે લાઈનનો ઉપયોગ કરવામાં આવે તો લોજિસ્ટિક ખર્ચ શા માટે ન ઘટે?

# અવકાશને આંગણે ફરવા જવાની અણમોલ તક

પ્રવાસનો આનંદ અનોખો હોય છે. કોઈ દરિયા કિનારે જાય તો કોઈ કચ્છના રણમાં જાય. તો શોખીન વ્યક્તિઓ દિવ દમણ અને ગોવાની મુલાકાતે જાય અને આનંદ અનુભવે. ભારતમાં રામ મંદિર બન્યા પછી ધાર્મિક પર્યટનનો એક નવો ક્રેઝ શરૂ થયો છે તો બીજી બાજુ ઘણા લોકો પહાડ ઉપર જાય તો કોઈ હિમાલય ચડવા જાય. ગગનયાનના ચાર ભારતીય અવકાશયાત્રીઓ અવકાશમાં જશે તો ગત સપ્તાહે સ્પેસ એક્સના અવકાશયાત્રીઓ અવકાશમાં લટાર મારી અને પાછા આવ્યા પરંતુ હવે કોઈપણ નાગરિક અવકાશમાં આંટો મારવા સહેલાઈથી જઈ શકશે. સવાલ માત્ર એટલો જ કે તે વ્યક્તિ સુપર રીચ હોવો જોઈએ. આખા કોન્સેપ્ટને સ્પેસ ટુરીઝમ નામ આપવામાં આવ્યું છે. જેવી રીતે ભારતના લોકો આબુ અંબાજી કે કુલુ મનાલી જાય છે તેવી રીતે હવે ભારતના ધનવાનો અંતરીક્ષમાં આંટો મારી શકે તેવી વ્યવસ્થા ગોઠવાઈ રહી છે.

ચોરી ચોરી ફિલ્મનું એક સરસ ગીત છે. "પંછી બનું ઉડતી ફીરુ મસ્ત ગગન મે." ફિલ્મની હિરોઈન પંખી બનીને આકાશમાં ઉડવાની મસ્ત કલ્પના કરે છે. પરંતુ હવે આકાશમાં નહીં પણ અવકાશમાં ફરવા જવાનો આનંદ પણ ભારતના સુપર રીચ લોકો આરામથી લઈ શકશે. બાકીના લોકો અવકાશયાત્રાના સપના જુએ એ પૂરતું છે!!! ભારતના લોકો ગ્લાઈડીંગ કરે છે આ બાબતની લગભગ મોટાભાગના લોકોને ખબર હોય છે. આ ઉપરાંત વિદેશમાં લોકો બલૂનમાં બેસીને આકાશમાં જાય છે.

૧૯૪૫ પહેલા હોટ એર બલૂન હતા જેમાં એક વિરાટ ફુગ્ગાની અંદર ગરમ હવા ભરીને તેને આકાશમાં મોકલવામાં આવતો હતો. આ ફુગ્ગાની નીચે એક ગોળ છાબડી જેવું પ્લેટફોર્મ લટકાવવામાં આવતું તેમાં ત્રણથી ચાર માણસો આરામથી બેસી શકતા. આ રીતે આકાશ માર્ગે બલૂન દ્વારા પ્રવાસ થઈ શકતો. ગરમ હવા હલકી હોવાથી આ બલૂન આકાશમાં ઊંચે જતું. આમાં ઘણું જોખમ રહેતું, ભારે પવનમાં આ બલૂન અવળી દિશામાં ખેંચાઈ જતું. આમાં અકસ્માતનું મોટું જોખમ હતું. જર્મનીએ આ સમય દરમિયાન ઝેપલીન નામનું એક વિરાટ બલૂન બનાવ્યું તેમાં સળગી શકે તેવો હલકો વાયુ હતો આ બલૂન આગમાં બળીને ખાખ થયું અને અનેક માણસોના મોત થયા પછી કોઈએ આવા બલૂન બનાવવાની હિંમત કરી નથી પરંતુ હવે વિજ્ઞાન અને ટેકનોલોજીના સહયોગથી આવા બલૂનને નિશ્ચિત દિશામાં અને નિશ્ચિત ઊંચાઈએ લઈ જવાની સગવડતા ઊભી થતા તેમાં વિકાસ થયો છે. હવે અમેરિકાની કંપનીએ પૃથ્વીના વાતાવરણની બહાર જઈ શકે તેવા બલૂનની રચના કરી છે અને તેના સફળ પ્રયોગો પણ કરવામાં આવ્યા છે જેનો ઉપયોગ હવે સ્પેસ ટુરીઝમ તરીકે કરવામાં આવશે. આ ટેકનોલોજી ભારતમાં



પણ આગામી વર્ષે કાર્યરત થઈ જશે જેથી અતિ ધનિક લોકો અવકાશને આંગણે ફરવા જઈ શકશે.

ગત વર્ષે ટાઈટેનિકને જોવા માટે કેટલાક ઉદ્યોગપતિઓ ઊંડા મહાસાગરમાં નાનકડી સબમરીન લઈને ઉતર્યા અને ભયંકર અકસ્માત થયો અને તમામ લોકો મૃત્યુ પામ્યા. આમાં પાકિસ્તાનના અગ્રણી ઉદ્યોગપતિનો પણ સમાવેશ થતો હતો. ટાઈટેનિક ડૂબી અને અનેક પ્રવાસીઓના મોત થયા તેનો ભંગાર આજે પણ દરિયાના તળિયે પડયો છે પણ આ દરિયો એટલો ઊંડો છે કે સામાન્ય માનવી ત્યાં સુધી સહેલાઈથી પહોંચી શકે તેમ નથી આથી અમેરિકાએ એવી સબમરીન બનાવી કે જેમાં ચાર પાંચ માણસ બેસી શકે અને તેની કાચની વિન્ડોમાંથી titanic ના ભંગારને જોઈ શકે. આ બાબતમાં કોઈ ટેકનિકલ ખામી સર્જાતા આ નાનકડી સબમરીન ગાયબ થઈ ગઈ. એમ માનવામાં આવે છે કે તે ખૂબ જ ઊંડા દરિયાના પાણીના પ્રેશરથી તૂટી હોય એવું બની શકે. આ ઘટના બન્યા પછી બચાવ અને રાહતની કામગીરી શરૂ કરવામાં આવી પરંતુ તેમાં સદંતર નિષ્ફળતા મળી છે. આજની તારીખે આ કમનસીબ પ્રવાસીઓના શબ મળ્યા નથી. આથી અવકાશમાં જવું, ત્યાં પ્રવાસ કરવો સહેલું છે પરંતુ દરિયાના ઊંડાણમાં જવું અતિ જોખમી છે. આકાશમાં જતા બલૂનની વાત કરીએ તો હવે એવા બલૂન પણ બનાવવામાં આવ્યા છે જે આકાશમાં નહીં પણ અંતરીક્ષમાં પ્રવાસીઓને લઈ જઈ શકશે. ભારતમાં પણ આ સુવિધા ઉપલબ્ધ થશે જેને સ્પેસ ટુરીઝમ નામ આપવામાં આવ્યું છે. આ માટેનો બલૂન કેપ્સ્યૂલ ટેસ્ટ પણ પૂરો થયો છે. વોશિંગ્ટનની કંપનીએ આવું એક બલૂન બનાવ્યું અને નામ આપ્યું સ્પેસ બોલ. આ 'સ્પેસ બોલ' પર્યટકોને અંતરીક્ષની સરહદ સુધી લઈ જશે. આવી જ રીતે ટૂંક સમયમાં, ભારતીયો અવકાશની મુસાફરી કરી શકશે, સ્પેસ બલૂન રાઈડનો આનંદ માણી શકશે. આવી જ રીતે યુએસ સ્થિત અવકાશ સંશોધન કંપની, સ્પેસવીઆઈપી, આવતા મહિને ભારતીય બજારમાં પ્રવેશવા માટે તૈયાર છે, જે બાહ્ય અવકાશમાં સાહસ કરવા માંગતા લોકો માટે આકર્ષક સંભાવનાઓ ખોલશે. સારું, આ માટે તમારે એક વિશાળ બેંક બેલેન્સની જરૂર પડશે! એવું નોંધવામાં આવે છે કે નવીનતમ વિકાસ મુજબ, યુએસ સ્થિત અવકાશ સંશોધન ફર્મ, સ્પેસવીઆઈપી, આવતા મહિને ભારતીય બજારમાં પ્રવેશવા માટે તૈયાર છે, જે બાહ્ય અવકાશમાં સાહસ કરવા માંગતા લોકો માટે આકર્ષક સંભાવનાઓ ખોલશે. આ પ્રવાસ અતિશય મોંઘો હશે જેમાં સુપર રીચ કહી શકાય તેવા લોકો જ અવકાશમાં જઈ શકશે. એ દિવસો ગયા જ્યારે અવકાશયાત્રીઓ બ્રહ્માંડના એકાંતમાં રહેતા હતા. આજકાલ, જો તમારી પાસે મોટી રકમ હોય, તો તમે ઈન્ટરસ્ટેલર પ્રવાસ પણ શરૂ કરી શકો છો; બ્રહ્માંડના અપ્રતિમ દૃશ્યો સાથે વૈભવી રહેઠાણ સહિતની તમામ સુવિધાઓ કે જે તમે વિચારી શકો તે પ્રવાસમાં હશે.

વૉશિંગ્ટન ખાતે આવેલી અમેરિકાની કંપની 'સ્પેસ પર્સ્પેક્ટિવ'એ અંતરીક્ષની સરહદ સુધી લઈ જઈ શકે તેવા 'સ્પેસ બોલ'નું સફળ પરીક્ષણ કર્યું છે. કંપનીએ ખાસ યાન નેપ્ચ્યૂનથી આ લક્ઝરી બલૂન કેપ્સ્યૂલને ૩૦ કિલોમીટરની ઊંચાઈએ મોકલી હતી. લગભગ ૬ કલાક પછી તેને દરિયામાં સુરક્ષિત ઉતારી લેવાઈ હતી. કંપની ૨૦૨૬થી કોમર્શિયલ ઉડાન શરૂ કરશે. તેની ૧૮૦૦ ટિકિટ વેચાઈ ગઈ છે. એક ટિકિટનો ભાવ ૧ કરોડ જેટલો છે. એવું નોંધવામાં આવે છે કે નવીનતમ વિકાસ મુજબ, યુએસ સ્થિત સ્પેસ એક્સપ્લોરેશન ફર્મ, સ્પેસવીઆઈપી, આવતા મહિને ભારતીય બજારમાં પ્રવેશવા માટે તૈયાર છે, જે બાહ્ય અવકાશમાં સાહસ કરવા માંગતા લોકો માટે આકર્ષક સંભાવનાઓ ખોલશે. સારું, તમારે આ માટે એક વિશાળ બેંક બેલેન્સની જરૂર પડશે.

આજકાલ, જો તમારી પાસે મોટી રકમ હોય, તો તમે ઈન્ટરસ્ટેલર પ્રવાસ પણ શરૂ કરી શકો છો; એક એવી મુસાફરી જેમાં તમે વિચારી શકો તેવી તમામ સુવિધાઓ હશે, જેમાં વૈભવી રહેઠાણનો સમાવેશ થાય છે.


**જીવ માત્ર આનંદ પ્રાપ્ત કરવા માટે ઝંખે છે, આનંદ પ્રાપ્તિ માટે ઘણા લોકો પ્રવાસ કરે છે. કોઈ હિમાલયમાં જાય છે તો કોઈ ઉજ્જૈનમાંથી મહાકાળેશ્વરના દર્શન કરે છે તો કોઈ ભગવાન જગન્નાથના દર્શન કરવા દક્ષિણની યાત્રા કરે છે પરંતુ હવે અંતરીક્ષને આંગણે પણ પ્રવાસના કાર્યક્રમો ગોઠવાઈ રહ્યા છે. જેને સ્પેસ ટુરીઝમ કહે છે.**

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૦૦ | ૧૭૧૦ |
| ઘઉં લોકવન | ૫૩૮ | ૫૭૮ |
| ઘઉં ટુકડા | ૫૩૬ | ૫૯૦ |
| જુવાર સફેદ | ૭૫૦ | ૮૨૫ |
| જુવાર લાલ | ૭૫૦ | ૮૭૦ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૦ |
| બાજરી | ૪૨૫ | ૪૭૫ |
| તુવેર | ૧૫૦૦ | ૨૦૪૬ |
| ચણા પીળા | ૧૩૦૦ | ૧૪૮૦ |
| ચણા સફેદ | ૨૦૦૦ | ૩૦૦૦ |
| અડદ | ૧૨૪૦ | ૧૮૦૦ |
| મગ | ૧૪૦૦ | ૧૬૮૨ |
| વાલ દેશી | ૧૬૦૦ | ૧૯૩૯ |
| ચોળી | ૧૭૫૧ | ૨૮૫૧ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૫૫૦ |
| મગફળી જાડી | ૯૩૫ | ૧૧૬૧ |
| મગફળીજીણી | ૧૧૧૦ | ૧૩૬૭ |
| તલી | ૨૦૮૦ | ૨૬૬૦ |
| એરંડા | ૧૧૧૧ | ૧૨૧૫ |
| અજમો | ૧૩૫૦ | ૨૪૭૨ |
| સુવા | ૯૦૦ | ૧૨૫૦ |
| સોયાબીન | ૮૬૫ | ૯૧૫ |
| સીંગફાડા | ૯૫૦ | ૧૨૬૦ |
| કાળા તલ | ૩૧૫૦ | ૩૭૫૦ |
| લસણ | ૩૩૦૧ | ૫૦૦૦ |
| ધાણા | ૧૧૪૦ | ૧૪૨૦ |
| ધાણી | ૧૨૦૦ | ૧૬૪૦ |
| વરીયાળી | ૯૫૦ | ૧૩૦૦ |
| જીરૂ | ૪૩૨૫ | ૪૮૦૦ |
| રાય | ૧૦૪૦ | ૧૩૨૪ |
| મેથી | ૧૦૩૦ | ૧૩૭૫ |
| કલોંજી | ૩૨૦૦ | ૩૭૮૯ |
| રાયડો | ૧૦૨૦ | ૧૧૭૦ |
| રજકાનું બી | ૪૧૦૦ | ૫૩૪૦ |
| ગુવારનું બી | ૧૦૧૦ | ૧૦૧૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૧૫૦૦ | ૨૨૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૩૬૦ | ૯૮૦ |
| ટમેટા | ૫૦૦ | ૭૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમરી | ૨૦૦૦ | ૩૦૦૦ |
| મૂળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૯૦૦ | ૧૨૫૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૧૨૦ | ૨૩૦ |
| કારેલા | ૫૦૦ | ૮૦૦ |
| સરગવો | ૯૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૨૦૦ | ૪૦૦ |
| પરવળ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| કાકડી | ૨૫૦ | ૫૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૨૦ |
| કંટાલા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૩૫૦ | ૫૧૦ |
| મેથી | ૨૦૦૦ | ૩૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૬૦૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૮૦૦ |
| મગફળી લીલી | ૩૫૦ | ૬૦૦ |
| મકાઇ લીલી | ૨૬૦ | ૪૮૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૮૪૨ | ૧૬૪૫ |
| શિંગ મોટી | ૭૦૧ | ૧૧૨૫ |
| તલ સફેદ | ૧૮૪૦ | ૨૭૧૫ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૮૭૧ |
| બાજરો | ૪૨૮ | ૪૮૦ |
| જુવાર | ૨૫૦ | ૭૫૧ |
| ઘઉં ટુકડા | ૫૨૬ | ૬૧૫ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૬૦૧ |
| મગ | ૧૨૭૦ | ૧૯૨૫ |
| ચણા | ૧૧૭૨ | ૧૫૪૯ |
| જીરું | ૪૪૯૫ | ૪૬૬૫ |
| ધાણા | ૧૧૮૫ | ૧૩૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૮૫ |
| રજકાના બી | ૪૦૧૦ | ૫૩૫૦ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૩૨૦ | ૫૦૦ |
| રીંગણાં | ૭૦૦ | ૯૦૦ |
| ફુલાવર | ૫૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૨૦ | ૪૦૦ |
| ટામેટા | ૮૫૦ | ૯૫૦ |
| સુરણ | ૧૫૦૦ | ૧૬૫૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દૂધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| મૂળા | ૪૫૦ | ૫૭૦ |
| કાકડી | ૪૦૦ | ૫૩૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૩૦૦ |
| વાલોળ | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ચોળાલીલા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તુરીયા | ૪૩૦ | ૫૨૦ |
| ભીંડો | ૨૨૦ | ૩૩૦ |
| આદુ | ૮૫૦ | ૯૨૦ |
| કોથમીર | ૨૦૦૦ | ૨૫૦૦ |
| મેથીભાજી | ૨૦૦૦ | ૨૨૦૦ |
| ફુદીનો | ૮૫૦ | ૯૭૦ |
| ટીંડોરા | ૯૨૦ | ૧૦૩૦ |
| બીટ | ૪૫૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૮૦ | ૧૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૪૫૦ | ૫૦૦ |
| ડુંગળી સૂકી | ૪૬૦ | ૯૨૦ |
| લસણ સૂકું | ૫૦૦૦ | ૬૦૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૦૦ |
| લીંબુ | ૧૫૦૦ | ૧૯૫૦ |
| પાલક | ૯૫૦ | ૧૧૮૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૩૨ | ૧૬૭૮ |
| મગ | ૧૩૧૦ | ૧૮૩૦ |
| જીરૂ | ૩૯૮૦ | ૪૭૧૦ |
| તલ | ૨૨૯૦ | ૨૫૮૦ |
| ઘઉં | ૫૧૦ | ૫૩૦ |
| અડદ | ૧૨૯૦ | ૧૪૭૦ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૪૫૧ | ૧૬૮૪ |
| મગફળી મોટી | ૧૦૫૧ | ૧૧૨૧ |
| તલ સફેદ | ૨૨૫૦ | ૨૮૦૦ |
| ઘઉં લોકવન | ૫૫૫ | ૬૧૧ |
| ઘઉં ટુકડા | ૫૬૧ | ૬૨૬ |
| બાજરો | ૪૪૨ | ૫૪૧ |
| જુવાર | ૫૨૦ | ૭૧૧ |
| મકાઈ | ૬૦૦ | - |
| ચણા | ૧૨૦૦ | ૧૫૨૬ |
| મેથી | ૯૪૦ | - |
| તુવેર | ૬૩૦ | ૧૦૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળીજી-૨૦ | ૮૦૦ | ૧૦૯૩ |
| બાજરી | ૪૮૦ | ૫૧૭ |
| ઘઉં | ૪૯૦ | ૬૦૮ |
| એરંડા | ૧૦૫૦ | ૧૧૬૧ |
| સફેદ તલ | ૨૨૮૦ | ૨૬૨૮ |
| કાળા તલ | ૩૦૦૦ | ૩૭૯૨ |
| સોયાબીન | ૮૮૦ | ૯૧૪ |
| જુવાર | ૬૦૦ | ૭૭૮ |
| અડદ | ૯૭૦ | ૧૭૨૫ |
| ચણા | ૧૧૫૦ | ૧૪૫૦ |
| મગફળી ૩૨ નં | ૬૭૬ | ૧૦૭૮ |
| મગફળી નવી | ૮૨૪ | ૧૦૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૩૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૭૧ |
| બાજરી | ૩૦૦ | ૪૪૦ |
| મકાઈ | ૪૦૦ | ૫૨૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૮૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૪૮ |
| મગફળી | ૬૭૦ | ૯૯૦ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૫૪૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૭૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૭૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૮૧ | ૧૫૫૦ |
| ઘઉં | ૫૧૧ | ૫૧૧ |
| જીરૂ | ૩૭૦૦ | ૩૭૦૦ |
| અજમા | ૧૭૧૦ | ૧૭૧૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૭૦ |
| સોયાબીન | ૮૬૩ | ૮૬૩ |
| ઘઉં લોકવન | ૫૦૭ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૫૫૫ |
| તલ સફેદ | ૨૩૭૦ | ૨૫૦૦ |
| ચણા | ૧૧૧૫ | ૧૨૯૦ |
| મગફળી | ૮૫૦ | ૮૫૦ |
| ચણા સફેદ | ૮૦૦ | ૧૨૧૫ |
| શીંગદાણા | ૧૦૩૫ | ૧૦૩૫ |
| ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૧૧ | ૧૬૫૬ |
| ઘઉં લોકવન | ૫૩૬ | ૫૮૮ |
| ઘઉં ટુકડા | ૫૨૬ | ૬૮૧ |
| સિંગદાણા | ૧૦૨૧ | ૧૩૬૧ |
| સિંગ ફાડીયા | ૮૪૧ | ૧૨૬૧ |
| એરંડા/એરંડી | ૧૦૧૧ | ૧૨૦૬ |
| કલોંજી | ૨૭૦૦ | ૩૭૯૧ |
| વરીયાળી | ૯૨૬ | ૧૧૦૧ |
| ધાણા | ૮૦૦ | ૧૫૫૧ |
| ડુંગળી લાલ | ૩૫૧ | ૮૭૬ |
| અડદ | ૧૨૩૧ | ૧૬૨૧ |
| તુવેર | ૧૧૫૧ | ૨૦૬૧ |
| રાયડો | ૧૦૩૧ | ૧૦૩૧ |
| રાય | ૧૨૦૧ | ૧૨૦૧ |
| મેથી | ૧૧૦૧ | ૧૪૦૧ |
| સફેદ ચણા | ૧૪૦૧ | ૨૮૨૧ |
| ધાણી | ૧૧૦૧ | ૨૦૦૧ |
| બાજરો | ૨૮૧ | ૪૮૧ |
| જુવાર | ૪૪૧ | ૮૯૧ |
| મકાઈ | ૪૪૧ | ૪૪૧ |
| મગ | ૧૧૨૧ | ૧૬૮૧ |
| ચણા | ૧૩૦૧ | ૧૪૪૧ |
| વાલ | ૫૦૧ | ૧૮૭૬ |
| ચોળા/ચોળી | ૧૦૦૧ | ૩૦૦૧ |
| ગોગળી | ૬૦૧ | ૯૫૧ |
| **ખાંભા** | | |
| કપાસ નવો | ૧૧૦૧ | ૧૩૪૩ |
| ચણા | ૯૦૦ | ૯૦૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૮૮૦ | ૧૭૦૫ |
| બાજરો | ૨૩૫ | ૪૭૫ |
| ઘઉં | ૫૦૦ | ૫૫૨ |
| મગ | ૧૨૦૦ | ૧૫૪૦ |
| વાલ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૬૬ |
| મગફળી જીણી | ૮૦૦ | ૧૦૫૦ |
| તલ | ૨૨૦૦ | ૨૬૬૫ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૪૦૦ |
| રાયડો | ૯૦૦ | ૧૦૦૦ |
| લસણ | ૧૭૦૦ | ૫૩૯૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૯૨૫ |
| અજમો | ૧૭૦૦ | ૩૨૩૦ |
| ધાણા | ૧૧૬૦ | ૧૩૮૦ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૯૨૫ |
| સીંગદાણા | ૩૦૦ | ૧૦૪૦ |
| સોયાબીન | ૬૭૫ | ૯૦૦ |

## શબ્દ સંજોગ-૧૮૭૪



**આડી ચાવી :**
(૧) "....જન તો તેને રે કહીએ...." (૩)
(૩) ભાવતી વાનગી હોય એટલે તે વાનગી ભરેલુ વાસણ.. થઈ જાય (૪)
(૬) ઘણી સાસુઓની વાણી એટલી... હોય છે કે, ઉભાને ઉભા ચીરી નાખે (૪)
(૭) આ તો આપણી માતા કહેવાય (૨)
(૯) ઘણી સ્ત્રીઓને...બહુ હોય (૩)
(૧૧) સફેદ વસ્ત્રોને કરાય (૨)
(૧૨) ઘણા ભક્તો એટલા ભાવિક હોય છે કે મંદિરમાં જાય ત્યારે ભગવાનની...ચૂકતા નથી (૩)
(૧૪) ચપ્પુ (૨)
(૧૫) એક પશુનું બચ્ચું (૨)
(૧૬) રાજા કરે (૨)
(૧૭) આના વાંકે પખાલીને ડામ શા માટે ? (૨)
(૧૮) સો દા'ડા આમના તો એક દા'ડો વહુનો (૨)
(૧૯) તદ્દન (૨)
(૨૧)... દિયા જાય કે છોડ દિયા જાય ? (૨)
(૨૨) એક ફળ (૪)
(૨૩) સુંદર સ્ત્રી, લક્ષ્મી (૨)
(૨૫) અંગ્રેજીમાં લડાઈ કરો (૨)
(૨૬) શ્રી કૃષ્ણનું એક નામ (૪)
(૨૭) લવ-કુશની માતા (૨)

**ઉભી ચાવી :**
(૧) વિષ્ણુનું ધામ (૩)
(૨) ઉમેરો, વૃદ્ધિ (૩)
(૩) જ્યાં જ્યાં વસે ગુજરાતી, ત્યાં... કાળ ગુજરાત (૨)
(૪) છૂટકારો, છૂટાછેડા (૪)
(૫) આશરે ૫૬ મણ એટલે ? (૨)
(૮) આતો પારકી થાપણ કહેવાય (૩)
(૧૦) શબને લઈ જવાની વાંસની એક બનાવટ (૩)
(૧૨) "... ની અંબા કરે રે કિલ્લોલ..." (૪)
(૧૩) ઘણી સ્ત્રીઓને... નું ગજ કરવાની ટેવ હોય છે (૨)
(૧૪) સ્ત્રી કે બાળકના પગનું એક ઘરેણું (૨)
(૧૫) પરણતી વખતે પહેરવાનું કન્યાનું એક વસ્ત્ર (૪)
(૧૭) એક સૌંદર્ય પ્રસાધન (૪)
(૧૮) ભાદરવા સુદ પાંચમ એટલે...પાંચમ (૨)
(૧૯) શેકેલા અનાજનો લોટ (૩)
(૨૦) રચનાર (૪)
(૨૪) કોઈને મારી નાખવા રોકેલા કે મોકલેલા માણસો (૨)

## શબ્દ સંજોગ-૧૮૭૩ જવાબ

**આડી ચાવી :** (૧) નતીજો (૩) ભાવતાલ (૬) ગેહવાલ (૮) ગડી (૯) વટેશરી (૧૧) ણગલ(લગણ) (૧૩) રક(કર) (૧૪) સોટી (૧૬) ડાગળો (૧૭) રીમ (૧૯) કાતરો (૨૨) ઝટ (૨૪) ઉમા (૨૬) ધાપ (૨૭) વનમાળી (૨૮) તાસીર (૩૦) પાન (૩૧) લટ (૩૨) માન્ય (૩૩) અતિથિ.

**ઉભી ચાવી :** (૧) નટવર (૨) જોગેશ (૩) ભાવા (૪) વલણ (૫) લગભગ (૭) હરીસો (૧૦) ટેકરી (૧૨) ગડારો (૧૫) ટીકા (૧૮) મઝધાર (૨૦) તપોવન (૨૧) કરતાલ (૨૩) ટપ (૨૪) ઉમાપતિ (૨૫) માળી (૨૯) સીટ (૩૦) પાન્ય.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સનખડામાં બની કરુણ ઘટના: નદીમાં ડૂબી જતાં યુવાનનું મોત

ઉના, તા.૨૦

આજે બપોરે સનખડા ગામમાં એક દુઃખદ ઘટના બની, જ્યાં માલણ નદીમાં નહાવા પડેલા એક ૨૦ વર્ષીય યુવાનનું ડૂબી જવાથી મોત થયું. મૃતક યુવાનની ઓળખ જયદીપ વાઘેલા તરીકે થઈ છે, જે મૂળ અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાનો રહેવાસી હતો. સ્થાનિક સૂત્રો અનુસાર, જયદીપ ભાદરવી પૂનમના મેળાની મજા માણવા માટે તેના મિત્રો સાથે સનખડા આવ્યો હતો. બપોરના સમયે, તે અને તેના ૧૦-૧૨ મિત્રો નદીમાં નહાવા ગયા હતા. દુર્ભાગ્યવશ, જયદીપ સ્મશાન નજીક આવેલા ઊંડા ખાડામાં ફસાઈ ગયો અને તણાવા લાગ્યો. તેના મિત્રોએ તેને બચાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ નદીના તેજ પ્રવાહને કારણે તેઓ નિષ્ફળ રહ્યા. સ્થાનિક લોકોને જાણ થતાં, મોટી સંખ્યામાં લોકો નદી કિનારે એકત્રિત થયા.



સ્થાનિક તરવૈયાઓએ શોધખોળ કરી, પરંતુ જયદીપને શોધવામાં અસફળ રહ્યા. સ્થાનિક અધિકારીઓ અને ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના હસ્તક્ષેપ બાદ, NDRF (નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ)ની ટીમને બોલાવવામાં આવી. લગભગ બે કલાકની સઘન શોધખોળ બાદ, જયદીપનો મૃતદેહ પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યો.મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સનખડા ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યો હતો. જયદીપના પરિવારને જાણ કરવામાં આવતા તેઓ જાફરાબાદથી સનખડા પહોંચ્યા હતા.

# ગીરગઢડાના જામવાળા નજીક મંદિર પાસે નદીમાં મહિલાનું ડૂબી જવાથી મોત

ગીરગઢડા, તા. ૨૦

ગીરગઢડા તાલુકાના જામવાળા વિસ્તારમાં આવેલા પ્રખ્યાત સાત મહાદેવ મંદિર નજીકની નદીમાં એક મહિલાનું ડૂબી જવાથી કરુણ મૃત્યુ નિપજ્યું છે. આ ઘટના આજે સવારે બની હતી. પોલીસ સૂત્રો મુજબ, મૃતક મહિલાની ઓળખ સ્નેહલબેન સંજયભાઈ કારીયા તરીકે થઈ છે, જે ઘાંટવડ ગામના રહેવાસી હતા. તેઓ તેમના પરિવાર સાથે સાત મહાદેવ મંદિરે દર્શન કરવા આવ્યા હતા. દર્શન બાદ નદીકિનારે ફોટા પાડતી વખતે અચાનક તેમનો પગ લપસ્યો અને તેઓ નદીમાં પડી ગયા. સ્નેહલબેનના પતિએ તેમને બચાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેઓ સફળ ન થયા. સ્થાનિક લોકોએ પણ બચાવ કામગીરીમાં મદદ કરી, પરંતુ



લગભગ એક કલાક પછી જ્યારે સ્નેહલબેનને પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા, ત્યારે તેઓ મૃત અવસ્થામાં હતા. ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તરત જ ઘટનાસ્થળે પહોંચી હતી અને મહિલાને આર.એન. વાળા હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે સ્નેહલબેનને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી, જે તેમના મૃત્યુનું કારણ બની હોય. ગીરગઢડા પોલીસે આ ઘટના અંગે કેસ નોંધ્યો છે અને વધુ તપાસ હાથ ધરી છે.

# ગીરગઢડા તાલુકા વહીવટી તંત્ર દ્વારા સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



ઉના, તા.૨૦

ગીરગઢડા વહીવટી તંત્ર દ્વારા ગીરગઢડા કુમાર શાળા ખાતે રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ પ્રજાને સતત મળતો રહે તે બાબતને ધ્યાને લઈ તાલુકાની પ્રજાને વ્યક્તિગત સેવાઓ તેના રહેઠાણના નજીકના સ્થળે તે જ દિવસે પ્રાપ્ત થઈ શકે તેવા ઉમદા હેતુ સાથે, તાલુકા કક્ષાએ સેવા સેતુ ગ્રામ્ય કાર્યક્રમ ૧૦મા તબક્કાને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની સાથે સાથે વડાપ્રધાન દ્વારા આયોજીત એક પેડ મા કે નામ અંતર્ગત વૃક્ષારોપણ તેમજ મારું ગામ સ્વચ્છ ગામની પદયાત્રા પણ શાળાના બાળકો સાથે યોજવામાં આવી હતી.

# જસદણમાં ૩૩ ટકા વ્યાજે રૂપિયા આપી ૧૦ લાખ પડાવી બે કાર, મોબાઈલ ઝુંટવી લીધા

જસદણ, તા.૨૦

જસદણમાં યુવાનને ૩૩ ટકા વ્યાજે રૂપિયા આપી યુવાન પાસેથી રૂ. ૧૦ લાખ પડાવી બે કાર, મોબાઈલ ઝુંટવી બે પ્રોમીસરી નોટ લખાવી પાંચ કોરા ચેક પડાવી લેતાં જસદણ પોલીસે વ્યાજખોર સામેની મુહિમ અવિરત રાખી મની લેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બનાવ અંગે જસદણમાં ગંગાભુવન શાંતિ નિકેતન સ્કૂલની બાજુમાં રહેતાં મિલનકુમાર રાજુ મોખા (ઉ.વ.૨૩) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે કિશોર ઉર્ફે કિશન વાઘેલા (રહે. કનેસરા), અક્ષય ભરત મોખ, નરેશ ઉર્ફે નાગરાજ ધાધલ (રહે. બંને ઊંટવડ, બાબરા), રઘા શિવરાજ દરબાર (રહે. કરણુકી, બાબરા) અને એક અજાણ્યાં શખ્સનું નામ આપતાં જસદણ પોલીસે મની લેન્ડ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આરોપીઓએ ફોન કરીને ગાળો આપી કહ્યું હતું કે, રૂ.૪ લાખ મૂળ રકમ તથા તેનું વ્યાજ આપ, નહીંતર અમારી સાથે ચાલ. તું અમે કહીએ ત્યાં લખાણ કરી દે નહીતર જાનથી મારી નાખીશુ તેમ ધમકી આપી ગોંડલ વકીલની ઓફિસે બોલાવેલ અને ત્યાં ઉછીના પૈસાની બે પ્રોમીસરી નોટ લખાવેલ અર્ટિગા કારનું લખાણ તેમજ સહીવાળા રકમ ભર્યા વગરના પાંચ ચેક લઈ લીધેલ હતા. યુવાને તેમની પાસે પૈસા ન હોવાનું કહેતાં આરોપી તેમને કરણુકી ગામે લઈ ગયા હતા અને મોબાઈલ ફોન પડાવી લીધો હતો. બનાવ અંગેની ફરિયાદ પરથી જસદણ પોલીસે ગુનો નોંધી અરોપીની શોધખોળ હાથ ધરી હતી.

# બોડીદર ગામે ભાદરવી પૂનમનો મેળો યોજાયો

ગીરગઢડા, તા. ૨૦



ગીરગઢડા તાલુકામાં ડોળાસા નજીકના બોડીદર ગામે ખોડિયાર મંદિર અને દેવાયત ગઢના વિશાળ મેદાનમાં કાલે લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે ખોડિયાર માતાજીને ઘીની પૂજા પણ ચઢાવાશે. બોડીદરના ગ્રામજનો અને ખોડિયાર મંદિરના પૂજારી શંભુગીરીબાપુ દ્વારા ગીરગઢડા, કોડીનાર અને ઉના તાલુકાની જનતાને મેળો મહાલવા આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. રા'નવઘણ અને દેવાયત ધામ ખાતે પ્રથમવાર લોકમેળો યોજાઈ રહ્યો હોય લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

# સફળતા મેળવવા પોઝીટીવ એટીટ્યુડ કેળવવો જરૂરી, સુરતમાં થર્સ ડે થોટમાં પિયુષ શિંગાળાનું પ્રેરક પ્રવચન

સુરત, તા.૨૦



સુરતમાં વરાછા બેંક ઓડીટોરીયમ ખાતે ૭૯ મો થર્સ-ડે થોટ્સ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સિમેન્ટ ક્ષેત્રે અગ્રણી કંપની ત્રિલોક પ્રિકાસ્ટ પ્રા. લિ. ના ડીરેક્ટર પિયુષભાઈ છગનભાઈ શિંગાળા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિકાસની દિશા સમજાવતા જણાવ્યું કે, ''લોકલ થી ગ્લોબલ'' સુધી વિકસવા માટે આકાશ જેટલી વિશાળતા અને તકો છુપાયેલી છે. એ તકોને ઓળખીને અલગ-અલગ સ્થળોએ પર્યટન કરીને નવી તકોનું સર્જન કરવાથી ધંધાને નવી દિશા મળે છે. સતત વિકાસશીલ રહેવા માટે પ્રવાસ ખેડવો જરૂરી છે. જેનાથી કંઈકને કંઈક નવી વસ્તુઓ તેમજ નવી ટેકનોલોજી શીખવા મળે. કાનજીભાઈ ભાલાળા વતી હાર્દિકભાઈ ચાંચડે નવો વિચાર રજૂ કરતા જણાવ્યું હતું કે, માણસનો અભિગમ જ તેના સુખ-દુઃખનો આધાર બને છે. ભાવેશભાઈ રફાળીયાએ કાર્યક્રમનું સંચાલન કરતા જણાવ્યું હતું કે, જીવનમાં ધીરજ રાખવાથી ધાર્યું થઈ શકે છે. સફળતા માટે સૂર્ય કરતા વહેલા ઉઠવું અને ઘોડાની દોડ કરતા વધારે ઝડપી દોડવું જરૂરી છે.

# ઉનાની એ.આર.ભટ્ટ કોલેજમાં ગણપતિ ઉત્સવની ઉજવણી કરાઈ

## ઉત્સવમાં કોલેજમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન

ઉના, તા.૨૦

ઉનાની એ.આર. ભટ્ટ કોલેજ ખાતે ગણપતિ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોલેજમાં છેલ્લા ૧૪ વર્ષથી ગણપતિની સ્થાપના કરવામાં આવે છે. આ વર્ષે પણ કોલેજમાં ધામધૂમથી



તસ્વીર : કૈલાશ ભટ્ટ

ગણપતિની સ્થાપના કરવામાં આવી હતી. આ ઉત્સવમાં કોલેજમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આરતી ડેકોરેશન, મહેંદી સ્પર્ધા, કાર્ડ મેકિંગ, આરોગ્ય વિભાગ દ્વારા તમાકુ નિષેધ અંતર્ગત નિબંધ સ્પર્ધા અને પોસ્ટર પેઈન્ટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ઉત્સવમાં અન્નકૂટ અને કથા જેવા કાર્યક્રમો પણ ઉત્સાહભેર કરવામાં આવ્યા હતા. ગણપતિ વિસર્જનના દિવસે ઉના વિસ્તારના પી.આઈ. રાણા અને તેમની ટીમ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# ધોરાજી શહેરમાં ભવ્ય બ્રહ્મ ચોર્યાસી: ૧૦૦૦થી વધુ ભૂદેવોએ લીધો પ્રસાદ

ધોરાજી, તા.૨૦

ધોરાજી શહેરમાં ગઈકાલે લોહાણા વાડી ખાતે એક વિશાળ બ્રહ્મ ચોર્યાસીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૦૦૦થી વધુ ભૂદેવોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ ભવ્ય આયોજન બ્રહ્મ સમાજના અગ્રણી સાધક અને વિદ્વાન ભૂદેવ સંદીપભાઈ શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું.



તસ્વીર : નયન કુહાડીયા

શ્રાવણ માસના એક મહિનાના અનુષ્ઠાન નિમિત્તે યોજાયેલ આ કાર્યક્રમમાં ગિરનાર મંડળના સાધુ-સંતો સહિત ધોરાજી બ્રહ્મ સમાજના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનારના કોળી સમાજના દીકરી ધારાબેન બાંભણિયા ડોક્ટર થયાં



કોડીનાર, તા.૨૦

કોડીનાર તાલુકાના કોળી સમાજના ધીરુભાઈ નાથાભાઈ બાંભણિયાની સુપુત્રી ધારાબેને ૨૦૧૮માં રાજકોટની આર્યવીર હોમિયોપેથી કોલેજ ખાતે બીએચએમએસનો અભ્યાસક્રમ શરૂ કર્યો હતો અને જેને આજે ૨૦૨૪માં સફળતા પૂર્વક પૂર્ણ કરતાં ડોક્ટરની પદવી અનાયત કરવામાં આવી હતી.

# ડોળાસામાં ગણેશ મહોત્સવની ભવ્ય ઉજવણી, મૂર્તિ વિસર્જન સાથે સમાપન

ડોળાસા,તા.૨૦

ડોળાસા ગામના રામનગર વિસ્તારમાં યુવક મંડળ દ્વારા ગણેશ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ગણપતિ બાપાની આકર્ષક મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી. દરરોજ સવાર-સાંજ ભક્તો દ્વારા બાપાની આરતી અને પૂજા તથા રાત્રિ દરમિયાન વિસ્તારની મહિલાઓ ધૂન, ભજન અને કીર્તન દ્વારા



તસ્વીર : અનીલ કાનાબાર

ગણેશજીની ભક્તિમાં લીન થતી હતી. ઉત્સવના સમાપન પર, ૧૭ સપ્ટેમ્બરના રોજ ગણપતિ બાપાની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા અને "ગણપતિ બાપ્પા મોરયા, પુઢચ્યા વર્ષી લવકર યા"ના નારા સાથે બાપાને વિદાય આપી હતી.

# ગીર સોમનાથ જિલ્લાના આજુબાજુના ગામોમાં લાભ પાંચમથી ગોળના રાબડા ધમધમતા થશે

ગીર સોમનાથ,તા.૨૦

ગીર સોમનાથ જિલ્લા ગોળ ઉત્પાદક મંડળની વાર્ષિક બેઠકનું આયોજન પ્રાંચી (પીપળા) ખાતે માધવરાય ભગવાનના સાનિધ્યમાં કારડીયા રાજપૂત સમાજની વાડી ખાતે પ્રમુખ બાલુભાઈ ગોહિલના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં તાલાલા, સુત્રાપાડા, ઉના, કોડીનાર, ગીરગઢડા તથા વેરાવળ તાલુકાના ૨૨૫થી વધુ ગોળ ઉત્પાદક ખેડૂતોએ હાજરી આપી હતી. આ ઉપરાંત કોલ્ડ માલિકો અને ગોળના વેપારીઓ પણ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખ બાલુભાઈ ગોહિલે ગીર સોમનાથ જિલ્લામાં શેરડીના વાવેતર અંગે અને ગોળ ઉત્પાદક અંગેની માહિતી આપતા જણાવ્યું હતું કે જિલ્લાભરમાં અંદાજે ચાર લાખ ઉપરાંત શેરડીનું ઉત્પાદન થનાર છે જેનાથી ૨૦થી ૨૨ લાખ ડબ્બા ખાવા લાયક સારો ગોળ ઉત્પન્ન થશે અને શેરડી ઉત્પન્ન કરતાં ખેડૂતોને પણ સારા ભાવ મળી રહે તે માટે અને નવા વર્ષે વધુ પ્રમાણમાં ખેડૂતો શેરડીના વાવેતર કરવા પ્રેરાય તે માટે પ્રારંભિક નવેમ્બર માસમાં એક ટન શેરડીના ભાવ રૂ.૨૫૦૦ ખેડૂતોના ખેતર બેઠા આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે ભરપૂર સિઝનમાં ૩,૦૦૦ થી ૩૨૦૦ સુધીનો વધારો કરી આપવા બેઠકમાં નક્કી કરાયું છે. શેરડીની કટાઈના રૂપિયા ૬૦૦ તથા વાહકના રૂપિયા ૨૦૦ ગોળ ઉત્પન્ન કરનાર ગોળના રાબડાઓ દ્વારા અલગથી ચુકવણું કરવામાં આવશે. બેઠકમાં ઉપસ્થિત વેપારીઓએ પણ પોતાનું કમિશન વધારવાની માંગણી કરતા ગોળ ઉત્પાદકો દ્વારા ગોળના ડબ્બે એક રૂપિયો કમિશન વેપારીને વધારી આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. ગોળના રાબડા દિવાળી પછી લાભ પાંચમથી ધમધમતા થશે તેવું મંડળની યાદીમાં જણાવ્યું હતું.

# માહિ મિલ્ક પ્રોડ્યુસર કંપનીની ૧૩મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

## સંસ્થાએ તેના સભાસદોને ૯ ટકા ડિવિડન્ડ જાહેર કર્યું

અમરેલી,તા.૨૦

દૂધ ઉત્પાદકોની પોતાની સંસ્થા- માહિ મિલ્ક પ્રોડ્યુસર કંપની લિમિટેડની ૧૩મી વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૦ સપ્ટેમ્બરે રાજકોટની સયાજી



હોટેલ ખાતે યોજાઇ હતી. દૂધ ઉત્પાદકોની વિશાળ ઉપસ્થિતિમાં યોજાયેલી આ વાર્ષિક સાધારણ સભામાં સંસ્થાના ચેરમેન વિજયભાઈ ઓડેદરાએ ગત નાણાંકીય વર્ષ ૨૦૨૩ -૨૪ દરમિયાન સંસ્થાએ સાધેલા વિકાસની રૂપરેખા રજૂ કરી હતી, જ્યારે મુખ્ય કાર્યપાલક ડો. સંજય ગોવાણીએ વર્ષ દરમિયાન સંસ્થાએ કરેલા કાર્યોની વિગત આપી હતી. માહિ ડેરીએ ગત વર્ષ દરમિયાન કુલ રૂપિયા ૧૯૬૮ કરોડની આવક નોંધાવી છે જ્યારે રૂપિયા ૨૧.૫૧ કરોડનો નફો નોંધાવ્યો છે. સંસ્થાએ તેના સભાસદોને ૯ ટકા ડિવિડન્ડ જાહેર કર્યું છે, જે સંસ્થાની દૂધ ઉત્પાદક સભ્યો પ્રત્યેની પ્રતિબધ્ધતા દર્શાવે છે.

# કોંગ્રેસ પાર્ટીને ખંડિત ટોળકી અને શહેરી નક્સલવાદીઓ દ્વારા ચલાવવામાં આવે છે: મોદી

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૦



વડાપ્રધાને વર્ધામાં આયોજિત એક કાર્યક્રમમાં મહારાષ્ટ્ર સરકારની આચાર્ય ચાણક્ય કૌશલ્ય વિકાસ કેન્દ્ર યોજનાનો પ્રારંભ કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે મહારાષ્ટ્રમાં કોંગ્રેસ પર જોરદાર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે પાર્ટીને ખંડિત ટોળકી અને શહેરી નક્સલવાદીઓ દ્વારા ચલાવવામાં આવે છે. પીએમ મોદીએ કહ્યું, ’દેશનો સૌથી ભ્રષ્ટ પરિવાર કોંગ્રેસનો શાહી પરિવાર છે. જે પક્ષને આપણી આસ્થા અને સંસ્કૃતિ માટે સહેજ પણ માન હોય તે ક્યારેય ગણપતિ પૂજાનો વિરોધ કરી શકે નહીં, પરંતુ આજની કોંગ્રેસ ગણપતિ પૂજાને પણ નફરત કરે છે. હું ગણેશ પૂજાના કાર્યક્રમમાં ગયો ત્યારે કોંગ્રેસનું તુષ્ટિકરણનું ભૂત ઊભું થયું. કોંગ્રેસે ગણપતિ પૂજાનો વિરોધ શરૂ કર્યો. કોંગ્રેસ તુષ્ટિકરણ માટે કંઈ પણ કરી રહી છે. કર્ણાટકમાં કોંગ્રેસ સરકારે ગણપતિ બાપ્પાને જેલના સળિયા પાછળ ધકેલી દીધા. લોકો જે ગણપતિની પૂજા કરી રહ્યા હતા તે મૂર્તિને પોલીસ વાનમાં કેદ કરવામાં આવી હતી. ગણપતિનું આ અપમાન જોઈને આખો દેશ ગુસ્સામાં છે. મને આશ્ચર્ય થાય છે કે કોંગ્રેસના સાથી પક્ષો પણ આ મામલે મૌન છે. તેઓ પણ કોંગ્રેસની કંપનીથી એટલા પ્રભાવિત થયા છે કે તેમનામાં ગણપતિના અપમાનનો વિરોધ કરવાની હિંમત નથી. કોંગ્રેસના આ પાપો માટે આપણે એક થઈને જવાબ આપવો પડશે.

# તિરુપતિ મંદિરમાં ચરબીયુક્ત લાડુંનો વિવાદ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો

નવીદિલ્હી, તા.૨૦



તિરુપતિ લાડુ વિવાદ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સમક્ષ પત્ર અરજી મોકલવામાં આવી હતી. એડવોકેટ સત્યમ સિંહે ચીફ જસ્ટિસને પત્ર મોકલ્યો છે. પત્રની અરજીમાં તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ ટ્રસ્ટ સાથે સંબંધિત મામલામાં તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરવામાં આવી છે. તિરુમાલા તિરુપતિ મંદિરમાં દેવતાને ચઢાવવામાં આવતા પ્રસાદની તૈયારીમાં પ્રાણીની ચરબીના ઉપયોગ અંગેના તાજેતરના ઘટસ્ફોટના સંદર્ભમાં આ અરજી દાખલ કરવામાં આવી છે. અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે આ કૃત્ય મૂળભૂત હિંદુ ધાર્મિક રિવાજોનું ઉલ્લંઘન કરે છે અને પ્રસાદને પવિત્ર આશીર્વાદ માને છે તેવા અસંખ્ય ભક્તોની ભાવનાઓને ઊંડી ઠેસ પહોંચાડે છે. આ ઉલ્લંઘન ભારતીય બંધારણની કલમ ૨૫નું ઉલ્લંઘન કરે છે, જે ધાર્મિક રિવાજોનું પાલન કરવાના અધિકાર સહિત ધર્મની સ્વતંત્રતાના અધિકારની ખાતરી આપે છે.

# ભાજપે શેખ અબ્દુલ્લા પરિવારનો આભાર માનવો જોઈએ, મહેબુબા મુફ્તી

(એ.આર.એલ),શ્રીનગર,તા.૨૦

જમ્મુ કાશ્મીર પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખ મહેબૂબા મુફ્તીએ મોટું નિવેદન આપ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આરોપોનો જવાબ આપતા મુફ્તીએ કહ્યું કે ભાજપ સરકાર બનાવવા માટે પીડીપીના દરવાજે આવી હતી. વડાપ્રધાન આ વાત યાદ રાખશે. પીડીપી ચીફે કહ્યું કે અબ્દુલ્લા પરિવારના કારણે કાશ્મીર ભારતમાં છે. જો અબ્દુલ્લા પરિવારે પાકિસ્તાનનો એજન્ડા અમલમાં મૂક્યો હોત તો જમ્મુ-કાશ્મીર ભારતના બદલે પાકિસ્તાનમાં હોત અને સ્વતંત્ર હોત. શ્રીનગરમાં મીડિયાને સંબોધતા મહેબૂબા મુફ્તીએ કહ્યું કે મને લાગે છે કે ભાજપે શેખ અબ્દુલ્લા પરિવારનો આભાર માનવો જોઈએ કે ઓમર અબ્દુલ્લાએ તેમનો એજન્ડા અહીં અમલમાં મૂક્યો. જ્યાં સુધી મહેબૂબા મુફ્તી, મુફ્તી પરિવાર અને પીડીપીનો સવાલ છે, વડાપ્રધાન મોદીને યાદ હશે કે તેઓ સરકાર બનાવવા માટે ૨-૩ મહિના સુધી અમારા ઘરના દરવાજા પર હતા.

# વક્ફ બોર્ડે દિલ્હીના છ મંદિરો પર પોતાનો દાવો રજૂ કર્યો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૦



વક્ફ બોર્ડને લઈને દેશમાં હોબાળો ચાલી રહ્યો છે. એક તરફ વકફ બોર્ડ સંબંધિત બે સંશોધન બિલ લોકસભામાં રજૂ કરવામાં આવ્યા હતા. જે બાદ જેપીસીની રચના કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં જેપીસીની ચાર બેઠકો થઈ ચૂકી છે. આ દરમિયાન ઘણા મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી, જેમાં જેપીસીએ વકફ સુધારા બિલ પર સામાન્ય લોકો પાસેથી સૂચનો માંગ્યા છે. બીજી તરફ વકફ બોર્ડની જમીન પચાવી પાડવાના રાજકારણનો પણ પર્દાફાશ થઈ રહ્યો છે. તાજો મામલો દિલ્હીનો છે. જેમાં વકફ બોર્ડે દિલ્હીના છ મંદિરો પર પોતાનો દાવો રજૂ કર્યો છે. સૌથી મોટી વાત એ છે કે આમાંથી કેટલાક મંદિરો વકફ બોર્ડની રચના પહેલાના છે. દિલ્હીના ૬ મંદિરો પર વકફ બોર્ડના દાવાઓ અલ્પસંખ્યક આયોગના રિપોર્ટ દ્વારા બહાર આવ્યા છે. આ રિપોર્ટ વર્ષ ૨૦૧૯માં આવ્યો હતો. એવો દાવો કરવામાં આવ્યો હતો કે દિલ્હીના ઘણા મંદિરો વકફ બોર્ડની જમીન પર બનેલા છે. આ રિપોર્ટમાં કરાયેલા દાવાઓને ફેક્ટ ફાઈન્ડિંગ રિપોર્ટ કહેવામાં આવે છે.

# આમ આદમી પાર્ટીની કેન્દ્ર સરકાર પાસે કેજરીવાલ માટે સરકારી આવાસની માંગણી

નવીદિલ્હી,તા.૨૦

દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે ૧૭ સપ્ટેમ્બરે સીએમ પદ પરથી રાજીનામું આપી દીધું હતું, ત્યારબાદ હવે કેજરીવાલે સીએમ આવાસ ખાલી કરવું પડ્યું છે, પરંતુ આ દરમિયાન આમ આદમી પાર્ટીએ કેન્દ્ર સરકાર પાસે અરવિંદ કેજરીવાલ માટે સરકારી આવાસની માંગ કરી છે.

રાઘવ ચઢ્ઢાએ કહ્યું કે, અમે કેન્દ્ર સરકાર પાસે રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલને સરકારી આવાસ ઉપલબ્ધ કરાવવાની માગણી કરીએ છીએ. ભાજપ પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, ભાજપ કોઈપણ ભોગે અરવિંદ કેજરીવાલને તેમની વિધાનસભાથી દૂર રાખવા માંગે છે અને અરવિંદ કેજરીવાલ તેમની વિધાનસભામાં જ રહેવા માંગે છે, જ્યાં ઘર મેળવવું સરળ કામ નથી. નિયમો અનુસાર અરવિંદ કેજરીવાલને ઘર મળવું જોઈએ.

# જેપીસીની બેઠકમાં ભાજપ અને વિપક્ષના સાંસદો વચ્ચે વકફ બિલ મુદ્દે ઉગ્ર બોલાચાલી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૦



વકફ સુધારા બિલની તપાસ કરતી સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી) સમક્ષ હાજર બે અગ્રણી મુસ્લિમ સંગઠનોએ સુધારેલા બિલમાંથી ‘વકફ દ્વારા વપરાશકર્તાઓ’ જોગવાઈને દૂર કરવા સામે સખત વાંધો વ્યક્ત કર્યો હતો. ઓલ ઈન્ડિયા પસમંદા મુસ્લિમ મહાજ અને ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના પ્રતિનિધિઓ જેપીસી સમક્ષ હાજર થયા હતા. ચાણક્ય નેશનલ લો યુનિવર્સિટી, પટનાના વાઈસ ચાન્સેલર, ફૈઝાન મુસ્તફા પણ જેપીસી સમક્ષ હાજર થયા હતા અને ‘એક રાષ્ટ્ર, એક કાયદો’ અને સમાન નાગરિક સંહિતા પર કેટલીક ટિપ્પણીઓ કરી હતી, જેનો વિરોધ પક્ષના સભ્યોએ જોરદાર વિરોધ કર્યો હતો. આ સાથે જ તેમની કેટલીક દલીલો પર ભાજપ અને એનડીએના સભ્યોએ પણ સવાલો ઉઠાવ્યા હતા. આ દરમિયાન ભાજપના સાંસદ અને વિપક્ષના કેટલાક સભ્યો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ભાજપના એક સાંસદે વિપક્ષી સભ્ય પર પણ ગેરવર્તણૂકનો આરોપ લગાવ્યો હતો.

# નીતિન ગડકરીના પરિવારવાદ અને જાતિવાદની રાજનીતિ પર આકરા પ્રહાર

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૦



કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ ભત્રીજાવાદ, પરિવારવાદ અને જાતિવાદની રાજનીતિ પર આકરા પ્રહારો કર્યા છે. કેન્દ્રીય મંત્રીએ આજે નાગપુરમાં એક કાર્યક્રમને સંબોધતા કહ્યું કે, રાજકારણમાં કેટલાક લોકો કહે છે કે પહેલા મારા પુત્રનું કલ્યાણ કરો અને તેને ટિકિટ આપો. જે થશે તે સારું થશે, મારા પુત્રને ટિકિટ આપો, મારી પત્નીને ટિકિટ આપો. આવું કેમ ચાલે છે? ગડકરીએ વધુમાં કહ્યું, “આ એટલા માટે થઈ રહ્યું છે કારણ કે લોકો તેમને મત આપે છે. જે દિવસે લોકો તેમને વોટ ન આપવાનો નિર્ણય લેશે, તેઓ ૧ મિનિટમાં સીધા થઈ જશે. તમારે તમારી યોગ્યતા સાબિત કરવી પડશે.”

# મહારાષ્ટ્રમાં ટ્રક અને બસ વચ્ચે અકસ્માત, છ લોકોના મોત, ૧૭ ઘાયલ

(એ.આર.એલ),જાલના,તા.૨૦

મહારાષ્ટ્રના જાલના જિલ્લામાં શુક્રવારે એક દુઃખદ અકસ્માત સર્જાયો હતો. અહીં રોઝવેઝ બસ અને ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં છ લોકોના મોત થયા છે, જ્યારે કુલ ૧૭ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. બસની બારી તોડીને કોઈ રીતે ઈજાગ્રસ્તોને બહાર કાઢવામાં આવ્યા હતા. ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર કરવામાં આવી રહી છે. હાલ પોલીસની ટીમ પણ માહિતી મળતા જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસનું કહેવું છે કે આ મામલે તપાસ કરવામાં આવી રહી છે. વાસ્તવમાં, આ સમગ્ર મામલો મહારાષ્ટ્રના જાલના જિલ્લાના વાડીગોદરી-જાલના રોડ વિશે જણાવવામાં આવી રહ્યો છે. શુક્રવારે સવારે અહીં રાજ્ય પરિવહનની બસ અને ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં કુલ છ લોકોના મોત થયા છે, જ્યારે ૧૭ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. પોલીસે ઘટના અંગે માહિતી આપી હતી. પોલીસે જણાવ્યું કે આ અકસ્માત વાડીગોદ્રી-જાલના રોડ પર શાહપુર પાસે થયો હતો. મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન દ્વારા સંચાલિત બસની બારીઓ તોડીને ઘણા ઘાયલોને બહાર કાઢવામાં આવ્યા હતા, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

# વિશ્વ હિંદુ પરિષદ વકફ સુધારા બિલનું સમર્થન કરશે

નવીદિલ્હી, તા.૨૦




વકફ સુધારા બિલને સમર્થન મેળવવા માટે, વિશ્વ હિન્દુ પરિષદ શનિવારથી ભારતના તમામ સાંસદો, તમામ ધારાસભ્યો અને તમામ મંત્રીઓને મળશે અને તેમની પાસેથી સમર્થન અભિયાન શરૂ કરશે. તે જ સમયે, વિશ્વ હિન્દુ પરિષદે નિર્ણય લીધો છે કે આગામી ૩૦મી તારીખથી તે વકફ સુધારા બિલના સમર્થનમાં સાધુ, સંતો, મઠાધિપતિઓ, પૂજારીઓ અને સમાજના પ્રતિષ્ઠિત વ્યક્તિઓની મદદ લેશે. વિશ્વ હિંદુ પરિષદ સોશિયલ મીડિયા દ્વારા સાધુ, સંતો, પૂજારી અને મઠાધિપતિઓના મંતવ્યો લોકો સુધી પહોંચાડવા માટે એક અભિયાન શરૂ કરવા જઈ રહી છે. વિશ્વ હિન્દુ પરિષદના મહારાષ્ટ્ર અને ગોવાના પ્રદેશ પ્રમુખ ગોવિંદ શેંડેએ આ માહિતી આપી હતી.

# અમેરિકન બજારોમાં ઉછાળા બાદ ભારતીય શેરબજારમાં પણ જોરદાર તેજી

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૦



અમેરિકન બજારોમાં જોવા મળેલા શાનદાર ઉછાળા બાદ આજે ભારતીય શેરબજારમાં પણ જબરદસ્ત વૃદ્ધિ જોવા મળી હતી. સપ્તાહના છેલ્લા દિવસે એટલે કે શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ૧૩૫૯.૫૧ પોઈન્ટના વધારા સાથે ૮૪,૫૪૪.૩૧ પોઈન્ટની નવી ઓલ ટાઈમ હાઈ પર બંધ રહ્યો હતો. એ જ રીતે એનએસઈ નિફ્ટી પણ ૩૭૫.૧૫ પોઈન્ટના વધારા સાથે ૨૫,૭૯૦.૯૫ પોઈન્ટની નવી ઓલ ટાઈમ હાઈએ બંધ રહ્યો હતો. આ ઝડપી ઉછાળા વચ્ચે,બીએસઈ સેન્સેક્સ ફરી એકવાર આજે ૮૪,૬૯૪.૪૬ પોઈન્ટ અને નિફ્ટી ૫૦ ૨૫,૮૪૯.૨૫ પોઈન્ટ પર પહોંચીને તેની નવી ઓલ-ટાઈમ હાઈને સ્પર્શી ગયો.

શુક્રવારે સેન્સેક્સની ૩૦માંથી ૨૬ કંપનીઓના શેર લીલા નિશાનમાં અને ૪ કંપનીઓના શેર લાલ નિશાનમાં બંધ થયા હતા. એ જ રીતે નિફ્ટી ૫૦માં ૫૦માંથી ૪૪ કંપનીઓના શેર લીલા નિશાનમાં અને ૬ કંપનીઓના શેર લાલ નિશાનમાં બંધ થયા હતા.

# યુપી સહિત અનેક રાજ્યોમાં ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત

નવીદિલ્હી,તા.૨૦

યુપી અને બિહાર અને અન્ય રાજ્યોની સાથે દિલ્હી એનસીઆરમાં વરસાદને કારણે હવામાનની પેટર્ન બદલાઈ ગઈ છે. કેટલીક જગ્યાએ વાતાવરણ ખુશનુમા હતું તો કેટલીક જગ્યાએ હવામાનને કારણે જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું હતું. ઉત્તર ભારત સહિત દેશના અનેક રાજ્યોમાં ચોમાસું ફરી સક્રિય થયું અને તારાજી સર્જી. તે જ સમયે, રાજસ્થાન, પશ્ચિમ યુપી, બિહાર, મધ્યપ્રદેશ સહિત ઘણા સ્થળોએ વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગે યુપી, બિહાર અને દિલ્હી સહિત અનેક રાજ્યોમાં વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે યુપી, બિહાર અને બંગાળ સહિત ઘણા રાજ્યોમાં વરસાદને લઈને એલર્ટ જાહેર કર્યું છે. ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદ બાદ નદીઓમાં પાણીમાં વધારો થયો છે. અનેક જિલ્લાઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે.

# ભારતની ધ્રુવી પટેલે ‘મિસ ઈન્ડિયા વર્લ્ડવાઈડ ૨૦૨૪’નો તાજ જીત્યો

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૦



અમેરિકાની કોમ્પ્યુટર ઈન્ફોર્મેશન સિસ્ટમની વિદ્યાર્થિની ધ્રુવી પટેલે ’મિસ ઈન્ડિયા વર્લ્ડવાઈડ ૨૦૨૪’નો તાજ જીત્યો છે. આ સિદ્ધિથી તે ખૂબ જ ખુશ અને ઉત્સાહિત છે. ‘મિસ ઈન્ડિયા વર્લ્ડવાઈડ ૨૦૨૪’ એ ભારતની બહાર સૌથી લાંબી ચાલતી ભારતીય સ્પર્ધા છે. આ સ્પર્ધા જીત્યા બાદ ધ્રુવીએ બોલીવુડ અભિનેત્રી અને યુનિસેફની એમ્બેસેડર બનવાની ઈચ્છા વ્યક્ત કરી છે. એડિસન, ન્યુ જર્સીમાં તાજ પહેર્યા પછી, ધ્રુવીએ તેની ખુશી વ્યક્ત કરી અને કહ્યું, ’મિસ ઈન્ડિયા વર્લ્ડવાઈડ જીતવું એ અવિશ્વસનીય સન્માન છે. તે એક તાજ કરતાં વધુ છે - તે મારા વારસા, મારા મૂલ્યો અને વૈશ્વિક સ્તરે અન્ય લોકોને પ્રેરણા આપવાની તકનું પ્રતિનિધિત્વ કરે છે.’

આ સૌંદર્ય સ્પર્ધાનું આયોજન ન્યૂયોર્ક સ્થિત ’ઈન્ડિયા ફેસ્ટિવલ કમિટી’ દ્વારા કરવામાં આવ્યું છે અને ભારતીય-અમેરિકન નીલમ અને ધર્માત્મા સરન તેની અધ્યક્ષતા ધરાવે છે. તમને જણાવી દઈએ કે આ વર્ષે આ સ્પર્ધા તેની ૩૧મી વર્ષગાંઠની ઉજવણી કરી રહી છે.

# બાંગ્લાદેશ સામે રમાઈ રહેલી ટેસ્ટમાં ભારતને બીજા દાવમાં ૩૦૮ રનની સરસાઈ

(એ.આર.એલ),ચેન્નાઈ,તા.૨૦




ભારતીય ટીમનો પ્રથમ દાવ ૩૭૬ રન પર સમાપ્ત થયો હતો. રવિચંદ્રન અશ્વિને તેની ટેસ્ટ કારકિર્દીની છઠ્ઠી સદી ફટકારી હતી. તે જ સમયે, બાંગ્લાદેશનો પ્રથમ દાવ ૧૪૯ રન પર સિમિત રહ્યો હતો. બીજા દિવસની રમત સમાપ્ત થઈ ગઈ છે. બીજા દિવસની રમતના અંત સુધીમાં ભારતે તેની બીજી ઈનિંગમાં ત્રણ વિકેટ ગુમાવીને ૮૧ રન બનાવ્યા હતા. ભારતે પ્રથમ દાવમાં ૩૭૬ રન બનાવ્યા હતા. આ સાથે જ બાંગ્લાદેશનો પ્રથમ દાવ ૧૪૯ રનમાં સમેટાઈ ગયો હતો અને રોહિત એન્ડ કંપનીને ૨૨૭ રનની લીડ મળી હતી. હવે ભારતની કુલ લીડ ૩૦૮ રન છે. શુભમન ગિલ ૩૩ રન અને રિષભ પંત ૧૨ રન બનાવીને અણનમ છે. ભારતને બીજી ઈનિંગમાં રોહિત શર્મા (૫), યશસ્વી જયસ્વાલ (૧૦) અને વિરાટ કોહલી (૧૭)ના રૂપમાં ત્રણ ફટકા પડ્યા હતા. બાંગ્લાદેશનો પ્રથમ દાવ ૧૪૯ રનમાં સમેટાઈ ગયો હતો. ભારતે પ્રથમ દાવમાં ૩૭૬ રન બનાવ્યા હતા. આ રીતે ટીમ ઈન્ડિયાને બીજી ઈનિંગમાં ૨૨૭ રનની લીડ મળી છે. બાંગ્લાદેશને ફોલોઓન બચાવવા માટે ૧૭૭ રન બનાવવા પડ્યા હતા, પરંતુ ટીમ તે પણ બનાવી શકી ન હતી.

**નકલી સ્કૂલ મળી આવવાનો બીજો કિસ્સો પ્રકાશમાં આવ્યો**

# શિક્ષણવિભાગ નિંદ્રામાં: રાજકોટમાં હવે મળી આવી નકલી સ્કૂલ

(એ.આર.એલ),રાજકોટ,તા.૨૦

રાજકોટમાં નકલી સ્કૂલ મળી આવવાનો સિલસિલો અટકતો નથી. નકલી સ્કૂલ મળી આવવાનો બીજો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. થોડા સમય પહેલા રાજકોટ જિલ્લાના પીપળીયામાં આવેલ ગૌરી ઈંગ્લીશ મીડિયમ સ્કૂલને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા નકલી જાહેર કરવામાં આવી હતી, હવે ગોંડલ રોડ પર આવેલ મધુવન સ્કૂલમાં ધોરણ ૯ અને ૧૦ ના વર્ગો ચાલતા હોવાની



જિલ્લા શિક્ષણાધિકારીને ફરિયાદ કરવામાં આવી છે. રાજકોટ શહેરમાં છેલ્લા ૧૦ વર્ષથી પરવાનગી વગર ચાલતી આ સ્કૂલની નકલો મુખ્યમંત્રી, રાજકોટ જિલ્લા કલેક્ટર, રાજ્યના વિરોધ પક્ષના નેતા, એનએસયુઆઈ, શિક્ષણ સચિવ અને માધ્યમિક શિક્ષણ બોર્ડને મોકલવામાં આવી છે. પરંતુ તેમાં 'જાગ્રત નાગરિક' કહે છે, એટલે કે અરજદારે પોતાનું નામ જાહેર કર્યું નથી. જો કે આ મામલે ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણાધિકારી દિક્ષીત પટેલ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હોવાની માહિતી મળી છે.

# એસટી કર્મચારીઓને ૪૬ ટકા મુજબ મોંઘવારી ભથ્થા સહિત એરિયર્સ ચૂકવવાનો નિર્ણય

**મોંઘવારી ભથ્થામાં ૪% ના વધારાની રાજ્યમંત્રી હર્ષ સંઘવીની જાહેરાત**

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૨૦

દિવાળી પહેલા એસટી કર્મચારીઓ માટે સૌથી મોટા ખુશીના સમાચાર મળી રહ્યા છે. એસટી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં રાજ્ય સરકારે ૪ ટકાનો વધારો કર્યો છે. આ અંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જાહેરાત કરતા જણાવ્યું છે કે ૪૬ ટકા મુજબ મોંઘવારી ભથ્થા સહિત એરિયર્સ ચૂકવવાનો નિર્ણય



લીધો છે. હાલ ચૂકવાતા મોંઘવારી ભથ્થાના એરિયર્સ પણ ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા એસ.ટી. નિગમના કર્મચારીઓને વર્તમાન સમયમાં ચૂકવવામાં આવતા મોંઘવારી ભથ્થામાં વધારો કર્યો છે. રાજ્યના વાહન વ્યવહાર અને ગૃહમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એકસ' પર પોસ્ટ કરીને લખ્યું કે, 'મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો એસ.ટી. નિગમના કર્મચારીઓને વર્તમાન સમયમાં ચૂકવવામાં આવતા મોંઘવારી ભથ્થામાં ૪% નો વધારો કરી હવેથી ૪૬% મુજબ મોંઘવારી ભથ્થા સહિત હાલ ચૂકવાતા ભથ્થાના એરિયર્સ પણ ચૂકવવાનો સંવેદનશીલ નિર્ણય સ્વાગત યોગ્ય છે. આ નિર્ણય થકી કુલ ૧૨૫ કરોડથી વધુનો લાભ નિગમના કર્મચારીઓને પ્રાપ્ત થશે.'

# તરણેતરના મેળામાં અશ્લીલ હરકતો! યુવતીઓએ ઠુમકા લગાવ્યા અને લોકોએ રૂપિયા ઉડાવ્યા

સુરેન્દ્રનગર,તા.૨૦

ગુજરાત રાજ્યમાં સૌથી વધુ મેળાઓ સૌરાષ્ટ્રમાં યોજાય છે. જેમાં ભાતીગળ લોકમેળો અને જે મેળો ઋષિઓ યોજતા હતા તેવો એક તરણેતરનો મેળો છે. સમગ્ર ગુજરાતમાંથી મેળો માણવા માટે લોકો તરણેતર ખાતે પહોંચી રહ્યાં છે. ઋષિની પરંપરા આ મેળામાં જાળવવામાં આવે છે. ઋષિઓ આ મેળો યોજતા હતા અને આજે પણ વર્ષો પછી આ પરંપરા યથાવત છે ત્યારે બીજી તરફ, મેળામાં અશ્લીલ ડાન્સ પીરસાતા ઉહાપોહ મચી ગયો છે. મેળામાં માદક સ્ત્રીઓ દ્વારા ઠુમકા લગાવવામાં આવ્યા હતા. તરણેતરના મેળામાં અશ્લીલ ડાન્સનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. વિશ્વ પ્રખ્યાત તરણેતરના મેળામાં સંસ્કૃતિ ભુલાઈ હોય તેવા દ્રશ્યો જોતા ચારેતરફ ચર્ચા થઈ રહી છે. આ વીડિયોને લઈ સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. તરણેતરના મેળામાં રાત્રે અને દિવસ દરમિયાન ભોજપુરી ફિલ્મી ગીતો પર હસીનાઓએ ઠુમકા લગાવ્યા હતા. હાલ ઈન્સ્ટાગ્રામ સહિતના સોશિયલ મીડિયા ઉપર આ તમામ વીડિયો વાયરલ થતા સવાલો ઉઠ્યા છે. મોતના કૂવાના જાહેર મંચ પર



ડાન્સ કરતી ડાન્સરોને જોવા માટે મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા. આટલું જ નહીં જાણે કોઈ મુજરો ચાલી રહ્યો હોય તેમ યુવાનો ડાન્સરો પર રૂપિયા ઉડાવતા અને તેમના તાલે ડાન્સ કરતા પણ દેખાયા હતા. મોતના કૂવાની બહાર ત્રણ યુવતીઓ ઠુમકા લગાવીને નાચી રહી હતી, અને યુવકો તેના પર પૈસા ઉડાવી રહ્યા હતા. આ વીડિયો વાયરલ થતા સુરેન્દ્રનગરના ઈન્ચાર્જ કલેક્ટર રાજેન્દ્ર ઓઝાએ ખુલાસો કરતા જણાવ્યું કે, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આવી કોઈ મંજૂરી આપી નથી. ભાતીગળ સંસ્કૃતિને જોખમમાં મુકનાર સામે પગલા લેવામા આવશે. પ્રાંત અધિકારીને સમગ્ર મામલાની તપાસ સોંપવામા આવી છે. એક તરફ આ વર્ષે મેળામાં ૨૪ પ્રકારની ગ્રામીણ ઓલમ્પિકનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત મેળામાં રાત્રે લોકડાયરો અને સંસ્કૃતિને ઉજાગર કરતા કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવતું હોય છે ત્યારે આ પ્રકારનો અશ્લીલ ડાન્સ બતાવવો કેટલો યોગ્ય કહેવાય.

**પોલીસે રૂ.૧૫.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો**

# ચિતલ ગામ નજીક ૧૫૦૦ બોટલ વિદેશી દારૂ સાથે એક શખ્સ ઝડપાયો

અમરેલી,તા.૨૦

અમરેલીના ચિતલ ગામ નજીક પોલીસ પેટ્રોલીંગ દરમિયાન પોલીસે બાતમીના આધારે એક કારની તલાશી લેતા કારમાંથી વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની બોટલ ઝડપી પાડી હતી. પોલીસે દારૂ, કાર સહિત રૂ.૧૫.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અમરેલી એલસીબી પોલીસ ચિતલ ગામ નજીક પેટ્રોલીંગ કરી રહી હતી ત્યારે પોલીસને બાતમી મળી હતી કે કારમાં વિદેશી દારૂની હેરફેર થવાની છે જેથી પોલીસે આ અંગે વોચ ગોઠવી હતી. બાતમીના આધારે પોલીસે શંકાસ્પદ કારને અટકાવી તલાસી



લેતા કારમાંથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલ નં. ૧૫૦૦ મળી આવી હતી. જેથી પોલીસે તાત્કાલિક કાર ચાલક કાળુલાલ ગણેશલાલ પાલીવાલ રહે. મોરચા જિ.રાજસમંદ રાજસ્થાનવાળાની ધરપકડ કરી હતી. પોલીસે વધુ તપાસ કરતા દારૂ અંગે બે આરોપીઓના નામ ખુલ્યા હતા. જેથી યોગેશ ચેલારામ સીંધી રહે. ભાવનગર અને જગુભાઈ વાલાભાઈ વાળા રહે. લાલાવદર તા. અમરેલીવાળાની ધરપકડ કરવા પોલીસે કાર્યવાહી શરૂ કરી છે.

# લાંચકાંડના મામલે આપના કોર્પોરેટર વિપુલ સુહાગિયાની જામીન અરજી ફગાવાઈ

(એ.આર.એલ),સુરત,તા.૨૦

સુરતમાં આપના કોર્પોરેટર વિપુલ સુહાગિયાની લાંચકાંડના મામલે જામીન અરજી ફગાવાઈ છે. તેની સામે દસ લાખ રૂપિયાની લાંચ માંગવાનો ગુનો નોંધાયો હતો. કોર્પોરેટરો સામે એસીબીમાં ફરિયાદ પણ નોંધાઈ છે. સુરતના પુનાગામ વિસ્તારમાં રહેતા એક ફરિયાદીએ અમદાવાદ એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી કે આમ આદમી પાર્ટીના કોર્પોરેટરો વિપુલ સુહાગિયા અને જીતુ કાછડિયાએ તેમની પાસેથી ૧૦ લાખ રૂપિયાની લાંચ માંગી હતી, જેનો ઓડિયો પણ ફરિયાદીએ આપ્યો હતો. આ ઓડિયો એફએસએલમાં મોકલવામાં આવ્યો હતો અને આ રિપોર્ટ બાદ આ ઓડિયો બંને કોર્પોરેટરોનો હોવાનું જાણવા મળતાં એસીબીએ બંને કોર્પોરેટરો સામે લાંચનો ગુનો નોંધ્યો હતો, જેમાં એસીબીએ વિપુલ સુહાગીયાની ધરપકડ કરી હતી. જીતુ કાછડીયા નાસી જવામાં સફળ રહ્યો. હવે આ સમગ્ર લાંચકાંડમાં નવો વળાંક આવ્યો છે, આ કોર્પોરેટર તેમજ લાંચીયા સ્થાનિક ઝોનના અધિકારીઓની સંડોવણી બહાર આવી છે.

# નવરાત્રિમાં મહિલાઓની સુરક્ષા માટે અમદાવાદ પોલીસનું ફુલપ્રૂફ આયોજન

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૦

નવરાત્રિને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે અમદાવાદ શહેર પોલીસ એક્શનમાં આવી ગઈ છે. અમદાવાદ શહેર પોલીસે નવરાત્રિમાં કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના ન બને તથા મહિલાઓની સુરક્ષા જળવાય તે માટે આયોજન કર્યુ છે. મહિલાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ખાસ સુરક્ષા વ્યવસ્થા માટે ફૂલપ્રૂફ એક્શન





પ્લાન તૈયાર કર્યો છે. કોઈપણ મહિલાની સુરક્ષાનો ભંગ ન થાય અને રોમિયોગીરી કરતાં ગુનેગારો કોઈ યુવતી કે મહિલાની છેડતી ન કરી શકે તે માટે પાર્ટી પ્લોટ અને ગરબા ગ્રાઉન્ડના પાર્કિંગ અને આસપાસના અંધારાવાળી જગ્યાએ ફરજિયાતપણે લાઈટો લગાવવામાં આવશે. ગરબા મેદાન તરફ જતા રોડ પર આવેલી દુકાનો અને રેસ્ટોરન્ટમાં સીસીટીવી લગાવવાના રહેશે. આ સિવાય શી ટીમ પરંપરાગત પોશાકમાં યોગ કરતા લોકો પર પણ નજર રાખશે. અમદાવાદ મહિલા પોલીસ સ્ટેશન દ્વારા એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.

**આ વર્ષે મહામેળામાં કુલ ત્રણ રૂટ પર અંદાજીત ૩૪ લાખથી વધુ પદયાત્રીઓએ ચાલીને મા અંબાના દર્શન કર્યા હતા**

# અંબાજી પદયાત્રા-સ્વચ્છ પર્યાવરણ યાત્રા અભિયાન હેઠળ ૭૩ ટનથી વધુ કચરો એકત્રિત કરાયો

(એ.આર.એલ),અંબાજી,તા.૨૦

અંબાજી ખાતે દર વર્ષે ભાવ ભક્તિપૂર્ણ રીતે યોજાતા ભાદરવી પૂનમના મહામેળામાં લાખો ભક્તો ચાલીને જગત જનની મા આંબાના દર્શન કરવા આવે છે. આ વર્ષે મહામેળામાં કુલ ત્રણ રૂટ પર અંદાજીત ૩૪ લાખથી વધુ પદયાત્રીઓએ ચાલીને મા અંબાના દર્શન કર્યા હતા. જીપીસીબી અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી શરૂ કરાયેલા 'અંબાજી પદયાત્રા- સ્વચ્છ પર્યાવરણ યાત્રા' અભિયાન હેઠળ કુલ ત્રણ રૂટ પર તા. ૧૨ થી ૧૯ સપ્ટેમ્બર-૨૦૨૪ દરમિયાન ફેંકાયેલ



અંદાજિત ૭૩ ટનથી વધારે કચરો સ્વયંસેવકો દ્વારા એકત્રિત કરવામાં આવ્યો હતો. સ્વચ્છતાની આ કામગીરી અંતર્ગત તા. ૩૦ સપ્ટેમ્બર-૨૦૨૪ સુધીમાં અંદાજિત ૭૦૦ ટન જેટલો કચરો એકત્રિત કરીને તેનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવામાં આવશે.

# અંજની ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં ઉડિયા ભાષામાં ધમકી ભરેલા પોસ્ટર લાગતા ગભરાટનો માહોલ

સુરત, તા.૨૦

સુરતના સાયણ વિસ્તારની અંજની ઈન્ડસ્ટ્રિયલમાં ભાવવધારાની માંગને લઈ હજીરા રેલવે લાઈનના ફાટક પર ઉડિયા ભાષામાં પોસ્ટર લાગતા ગભરાટનો માહોલ ફેલાયો છે. જેના કારણે છેલ્લા ચાર દિવસથી અંજની ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં શટ ડાઉનની સ્થિતિ સર્જાઈ છે. રોજે ૩૦ લાખ મીટર કાપડનું





પ્રોડક્શન બંધ છે. ૮૦૦ પાવર લુમ્સના યુનિટ બંધ થતાં ૮૦૦ વેપારીઓ અને ૫૦,૦૦૦ કારીગરો અસરગ્રસ્ત થયા છે. અંજની ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં ૪ દિવસ પહેલા ઉડિયા ભાષામાં ધમકી ભરેલા પોસ્ટર લાગતા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારના વેપારી અને કારીગરોમાં ભયનો માહોલ છે. આ પોસ્ટરમાં ઓરિસ્સા ભાષામાં લખવામાં આવ્યું છે કે, ''સમસ્ત ઓડીસાવાસી ભાઈઓને સૂચના આપીએ છીએ કે, ગણપતિ પૂજા પછી બધી ફેક્ટરીમાં ૨૦ પૈસા વધવા જોઈએ. નહીંતર લુમ્સ ચાલુ નહીં કરવાના. જો કોઈ ભાવ વધાર્યા વગર ચાલુ કરશે તો સંપૂર્ણ જવાબદારી પોતાની રહેશે. હોટેલવાળાએ ૪૦૦ રૂપિયા ભાવ વધાર્યા છે, આપણા ભાવ વધારવા પડે. દિવાળીએ ભાવ વધારવાના પોસ્ટર મારીએ છીએ. કોઈ ફાયદો થતો નથી અત્યારે આપણી પાસે તક છે.

# ગીર નેશનલ પાર્કના ભળતા નામથી બુકિંગ માટે ખાનગી કાર્યરત વેબસાઈટોને રાજ્ય સરકારની ચેતવણી

અમરેલી, તા.૨૦

ગીર નેશનલ પાર્ક તથા તેને સંલગ્ન વિસ્તારોમાં મુલાકાત લેવા માટે પ્રવેશ પરમીટ એડવાન્સ બુકિંગ માટે સરકારી ઓફિસિયલ વેબસાઈટ **https://girlion.gujarat.gov.in** કાર્યરત છે. ગીર નેશનલ પાર્ક તથા તેને સંલગ્ન વિસ્તારોમાં પ્રવેશ પરમીટના બુકિંગ માટે ઈન્ટરનેટ પર ઓનલાઈન પર સર્ચ કરતાં ભળતા નામથી પ્રવેશ પરમીટ બુકિંગ માટે ખાનગી વેબસાઈટો કાર્યરત છે. આવી સાઈટોને રાજ્ય સરકાર કે વન વિભાગ દ્વારા કોઈ અધિકૃત કરવામાં આવેલ નથી. આવી ખાનગી વેબસાઈટો દ્વારા નાગરિકો સાથે બુકિંગના નામે ગેરરીતિ થવાની શક્યતાઓ રહેલી છે. જેની નાગરિકોને નોંધ લેવા વન વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે. ખાનગી વેબસાઈટો દ્વારા ગેરકાયદેસર બુકિંગ તથા ઓનલાઈન બુકિંગમાં થતી ગેરરીતિઓ અટકાવવા માટે ફક્ત અને ફક્ત ઉપરોક્ત દર્શાવેલ ઓફિસિયલ વેબસાઈટ પર જ ઓનલાઈન બુકિંગ કરવા જાહેર જનતાને જણાવવામાં આવે છે. જેમાં એક જ આઈ.પી. એડ્રેસ, ઈ-મેઈલ એડ્રેસ તેમજ મોબાઈલ નંબર પરથી માસ દરમ્યાન વધુમાં વધુ ૬ (છ) જ પરમીટનું બુકિંગ થઈ શકે છે.





# નડિયાદ પાસે કાર કેનાલમાં ખાબકતા એક વ્યક્તિનું મોત

(એ.આર.એલ),ખેડા,તા.૨૦

નડિયાદ પાસેના પીપલગ ગામની સીમમાંથી પસાર થતી મહિ સિંચાઈની મુખ્ય કેનાલમાં એક કાર ખાબકી હતી. જે બાબતે નડિયાદ ફાયરબ્રિગેડને જાણ કરતા ફાયર બ્રિગેડના કર્મચારીઓએ રેસ્ક્યૂ ટીમ સાથે પહોંચી કામગીરી હાથ ધરી હતી. ફાયરબ્રિગેડ ટીમે ભારે જહેમત બાદ કેનાલમાંથી કારને ક્રેઈન મારફતે બહાર કાઢી હતી. કારમાંથી એક વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો. નડિયાદના પીપલગ પાસેથી પસાર થતી મહિ સિંચાઈની મુખ્ય કેનાલમાં અચાનક એક કાર ખાબકી હતી. જે બાબતે સ્થાનિકો દ્વારા નડિયાદ ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવી હતી.





